Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન — સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 36 ● Dt. 18-08-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

આદિવાસીઓ ભારત દેશના મૂળ નિવાસી છે. આદિવાસીઓનો વારસો સમૃદ્ધ છે. ભારતમાં રામાયણ અને મહાભારતકાળથી આદિવાસી સંસ્કૃતિ પ્રાચીન છે. એટલે જ આદિવાસીઓને ભારત દેશના પૂર્વજ કહેવામાં આવે છે. વેરિયર એલ્વિન કહે છે કે ભારતના સાચા સ્વદેશી આદિવાસીઓ જ છે. તેમની હાજરીની પ્રત્યેક વ્યક્તિ વિદેશી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ કહે છે કે કોઈપણ દેશમાં બીજા લોકો આવ્યા ત્યારે ત્યાં રહેતા લોકો એટલે આદિવાસી. આઈએલઓ આદિવાસીઓને મૂળવતની કહે છે. હટન જે.એચ.આદિમ જાતિ કહે છે. દુનિયામાં આદિવાસી જ એક એવી જાતિ છે જે ઓરીજીનલ છે. મિશ્રણ થયું નથી. તેવી જાતિ છે. તેથી જ તો આદિવાસીઓમાં ×ઓ× પ્લસ બ્લડ ગ્રુપ વધુ જોવા મળે છે. આદિવાસીઓનો શરીરનો બાંધો અને દેખાવ પણ આર્યો કરતા અલગ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આદિવાસીઓ માટે ઈન્ડિજિનીયસ પીપલ અથવા એબોરિજિન પીપલ તરીકે ઓળખવામાં આવે છે. આદિવાસીઓને ટ્રાઈબ, પ્રિમીટીવ, એબોરિજિન શબ્દોથી ઓળખવામાં આવે છે. આદિવાસી શબ્દનો અર્થ આદિ એટલે મૂળ અને વાસી એટલે રહેનાર થાય છે. આદિવાસી સંસ્કૃતિ આપણને પ્રકૃતિથી માંડીને પશુ, પંખી, જીવજંતુ અને નિર્જીવ વસ્તુનું પણ સન્માન કરવાનું શીખવ્યું છે. આદિવાસીઓ નોન જ્યુડીશીયલ વ્યવહારમાં માને છે. આદિવાસીઓ પાસે ઔષધીય વનસ્પતિના જ્ઞાનનો વિશાળ ભંડાર છે. આદિવાસીઓનો મુખ્ય ઉત્સવ હોળી છે. જેમાં ઢોલ, નગારા. લેજીમ, જ્વારા સાથે નૃત્ય થાય છે. યુવક યુવતિના લગ્ન વડીલ વ્યક્તિ દ્વારા થાય છે. જેમાં બ્રાહ્મણ, વિધિ જોવા મળતી નથી. સ્ત્રીની પ્રસુતિ દાયણ દ્વારા થાય છે. પુત્ર-પુત્રી બાળક જન્મની સમાનતા છે. જે વસતિ ગણતરીના આંકડાના આધારે સ્પષ્ટ થાય છે. અને સ્ત્રી-પુરુષના વ્યવહારમાં પણ સમાનતા છે. આદિવાસીઓના નિર્દોષ અને સરળ સ્વભાવનો આર્યોએ ભરપૂર ફાયદો ઉઠાવ્યો છે ૧૯૩૧ની વસતિ ગણતરીના અહેવાલમાં ૪ લાખ લોકો આદિધર્મના નોંધાયા હતા. કેન્દ્ર અને રાજ્ય સરકારના કાયદા દ્વારા આદિવાસીઓના જળ, જમીન, જંગલ ઉપરના અધિકારો છીનવી લીધા છે. દઢવાવ અને માનગઢમાં અનેક આદિવાસીઓ શહીદ થયા છે. કહેવાતા ઈતિહાસકારો અને સાહિત્યકારોએ આદિવાસી ઓળખ અને ઈતિહાસ સંદર્ભે દુર્લક્ષ્ય સેવ્યું છે. આદિવાસી શબ્દથી મૂળનિવાસી તરીકેની ઓળખ થતી હોવાથી આર્યો વનવાસી શબ્દોનો પ્રચાર પ્રસાર કરે છે. આદિવાસીઓ ભારત ખંડ ભૂમિના મૂળનિવાસી છે.

**અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.**

**તંત્રી : અરવલ્લી જનજીવન**

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

**બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦**

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) | રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) | દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) | રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) | ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) | નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) | બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) | રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) | વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) | પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) | A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) | ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) | ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) | A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) | A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) | A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) | ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) | A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) | ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) | જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) | A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) | વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) | સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) | A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) | A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) | મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) | A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) | કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) | ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) | દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) | શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) | હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) | A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) | A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) | રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) | પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) | સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) | પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (૩૯) | સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

**હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭**

**વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭**

# હેવન્સ લાઈટ અવર ગાઈડ

અંગ્રેજોન યુનો સાથે લેન્ડ રેવન્યુ રૂલ્સના કરાર મુજબ લીઝ, લીઝિસ, એગ્રિમેન્ટસ એન્ડ સનદ્સ ૧૮૭૦ થી શરૂ કરીને તા. ૦૪-૦૨-૧૯૬૯માં પુરા થતાં હતા. પરંતુ ભારતમાં આઝાદીની ચળવળ ઊભી થતાં અને પુરા દેશના લોકોએ અંગ્રેજો વિરૂદ્ધ, ગાંધીજીના વડપણ હેઠળ સત્ય અને અહિંસાના સિદ્ધાંત ઉપર અંગ્રેજો સામે દેશ છોડો આંદોલન શરૂ કરવામાં આવ્યું અને એ આંદોલન એટલું પ્રચંડ હતું કે અંગ્રેજો લીઝ ૧૯૬૯માં પૂરી થતી હતી તેમ છતાં ૧૯૪૭માં અંગ્રેજો ભારત છોડી ચાલ્યા ગયા તે સમયે અંગ્રેજ સિવાયના બીજા જે વિદેશી લોકો બાકી રહ્યા તેમાં સૌથી મોટી સંખ્યા હિન્દુઓની હતી. તે પછી મુસલમાન, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, શીખ, પારસી, હરીજન(એસસી) વગેરે બાકી રહ્યા. તેમના પુનઃવસવાટ માટે એક પુરવણી લીઝ ૧૯ વર્ષ માટે સપ્લીમેન્ટ બી ૧૯૫૦ થી ૧૯૬૯ સુધી યુનો દ્વારા આપવામાં આવી.

આઝાદ ભારતના પુનઃનિર્માણ માટે ડો. બાબાસાહેબ આંબેડકરના વડપણ હેઠળ એક સમિતિ રચવામાં આવી અને તે સમિતિએ સ્વતંત્ર ભારતની પ્રજો માટે એક નવું બંધારણ તૈયાર કર્યું. જે બંધારણના પુસ્તકનો ઈન્ડિયન કોન્સ્ટીટયૂશન ભારતીય બંધારણ ૧૯૪૭-લો એવું નામ આપવામાં આવ્યુ. આ બંધારણ અંગ્રેજો ગયા પછી અથવા અંગ્રેજોને બાદ કર્યા પછી બાકીના જે વિદેશી લોકો આપણા દેશમાં રહી ગયા તેમના માટે ઘડવામાં આવ્યું અને તે બંધારણની મુદત માત્ર ૧૯ વર્ષ એટલે કે ૧૯૫૦થી ૧૯૬૯ની સાલ પૂરતી જ હતી.

તેમાં આ દેશના મૂળવતની અનાશકાળ પૂર્વેથી ભારત દેશમાં વસવાટ કરતા આવેલા માનવી આદિવાસીઓનો પણ સમાવેશ કરી દેવામાં આવ્યો. તેને પણ નાગરિક ગણવામાં આવ્યા. ઈન્ડિયન સિટિઝનના લિસ્ટમાં આદિવાસીઓને પણ ગણી લેવામાં આવ્યા. તે બંધારણની સૌથી મોટી ભૂલ છે અને તેમાં પણ આદિવાસી શબ્દ ઉલ્લેખ કરવાના બદલે અનુસૂચિત જનજાતિ (અ.જ.જા.)તરીકે ગણવામાં આવ્યા. એ બંધારણની સૌથી મોટી ભૂલ છે. માત્ર ભૂલ જ નહીં પણ ઈરાદાપૂર્વક ષડયંત્ર છે. જેના કારણે હવે દેશના વહીવટી તંત્રમાં અનુશાસન પદ્ધતિમાંથી આદિવાસી શબ્દ જ લોપ થઈ ગયો, નીકળી ગયો, ભૂંસાઈ ગયો. જેમાં રામાયણ, મહાભારત યુગનો દાખલો લઈએ તો બંને ગ્રંથોમાં મુખ્ય બેજ જાતિ વર્ણવવામાં આવેલી છે (૧) આર્ય અને (૨) અનાર્ય(રાક્ષસ). તે રાક્ષસ બીજા કોઈ નહીં પણ આદિવાસીઓને રાક્ષસ કહેવામાં આવેલા તેમ આપણને અનુસૂચિત જનજાતિ કહીને આદિવાસી આ દેશનો મૂળનિવાસ, મૂળ માલિક પ્રજાની ભવિષ્યની પેઢીને પોતાને પણ ખ્યાલ ન આવે કે હું આ દેશનો મૂળ રહેવાસી છું. મૂળ માલિક છું. આ રીતે આદિવાસીને પોતાની મૂળ જાતિ ભૂલાવવા માટે માઈન્ડવોશ કરવામાં આવ્યા છે. આજે તમે કોઈ પણ આદિવાસીને સવાલ પૂછો જોજો કે તમારી જાતિ કઈ છે ? તો તમને મળશે હિન્દુ(ભીલ), હિન્દુ(વસાવા), હિન્દુ (ધોડીયા), હિન્દુ (વારલી), કુકણા, નાયકા, ચૌધરી, ગાંવિત, ગામિત વગેરે શબ્દો સાંભળવા મળશે. પણ હું આદિવાસી છું એમ કોઈ છાતી ઠોકીને ન કહેશે.

આદિવાસીઓને આદિવાસી હોવાનો ગર્વ હોવો જોઈએ તેને બદલે આદિવાસી જાત બતાવતા સંકોચ અનુભવે છે. તેવો આજનો ભણેલો ગણેલો સુશિક્ષિત ગણાતો આદિવાસી યુવા સમાજ આજે દુનિયાની સર્વશ્રેષ્ઠ ગણાતી આદિવાસી સંસ્કૃતિનું જતન-રક્ષણ કેવી રીતે કરશે ?

તો ભારતીય બંધારણમાં (ઈન્ડિયન કોન્સ્ટીટયૂશનમાં) આદિવાસીને આદિવાસી જ કહેવો જોઈએ. આદિવાસી શબ્દજ રાખવો જોઈતો હતો તેના બદલે અનુસૂચિત જનજાતિના શબ્દનો ઉપયોગ કરીનો ઈરાદાપૂર્વક આદિવાસીને અન્યાય કરેલો છે.

મેં આજથી ચાર-પાંચ મહિના પહેલા અમારા પાડોશમાં રહી ઈંટ પાડવાની મજૂરી કરવા આવેલા મહારાષ્ટ્રના ગુજરાતની સરહદે વસવાટ કરતા મહાલક્ષ્મી વિસ્તારના મુજૂરોને પૂછ્યું કે તુમચી જાતિ કયા ? ત્યારે તેમણે જવાબમાં મને કહ્યું કે હામી હિન્દુ વારલી હાઉં. ત્યારે મેં ફરીવાર પૂછયું કે તુમિ હિન્દુ વારલી કાય આદિવાસી વારલી ? ત્યારે તેમણે ફરીવાર પૂછયું કે હિન્દુ વારલી. આમ અભણમાં અભણ ગણાતો જેની જીવનશૈલી પૂર્ણ આદિવાસી હોવા છતાં પણ તે પોતે આદિવાસી હોવાનું ના કબૂલ કરે છે.

**શું આદિવાસીની માનસિક વિકૃતી છે ?**

આદિવાસીને બંધારણમાં સીધા જ આદિવાસી લખવામાં કોન્સ્ટીટયૂશન સમિતિને વાંધો કયાં હતો ? પણ વાંધો હતો દેશના હિન્દુવાદી રાજકારણને! અને આ તેનો લાભ લઈ ભારતીય નાગરિકોએ આ દેશના મૂળનિવાસી આદિવાસીઓને પણ આ દેશન નાગરિકો બનાવી દીધા અને આદિવાસીઓને શિક્ષણના માધ્યમથી, ધર્મના માધ્યમથી, સતત નાગરિકત્વ તથા હિન્દુત્વનો મારો ચલાવી (ગર્વ સે બોલો હમ હિન્દુ હે) શાળાઓમાં ભણતા નાના નાના બાળકોને શપથ વાકયો બોવવવામાં આવે છે કે 'ભારત મારો દેશ છે હું મારા દેશને ચાહું છું. બધા ભારતીયો મારા ભાઈ-બહેન છે, હું મારા દેશવાસીઓને મારીનિષ્ઠા અર્પું છું. તેમની સમૃદ્ધિ અને કલ્યાણમાં જ મારુ હિતો વસેલું છે.''

આ રીતે આદિવાસીઓને માઈન્ડ વોશ કરી તેમની પોતાની જાત ભૂલાવી દીધી છે. માઈન્ડ વોશ કરી દેવામાં આવ્યા છે.

દાદા એ/સી. કુંવર કે શ્રીસિંહ તથા ગુલામબાબા જેવા મહાપુરુષોએ અથાગ મહેનત કરીને રસ્તો ભૂલેલા આદિવાસીઓને પોતાની જાતનું ભાન કરાવ્યું ત્યારે આજે દેશના અમુક આદિવાસીઓ પોતાની મૂળ જાતિની સંસ્કૃતિ તરફ વળ્યો છે. પોતાની ભૂલ સમજાય જતા તેમણે અપનાવેલા ભારતીય નાગરિકત્વનો ત્યાગ કર્યો છે. હિન્દુ, મુસલમાન, ખ્રસ્તી જેવા ધર્મોનો ત્યાગ કર્યો છે અને પોતાની મૂળજાતિ તથા સંસ્કૃતિ તરફ આગળ વધ્યો છે.

ત્યારે તેમનો હાલના સંજોગોમાં સામાજિક, રાજનૈતિક શાસન વ્યવસ્થા જેવા પરિબળો સામે સંઘર્ષ કરવાનું મુશ્કેલ કામ ઊભું થયું છે. તેમાં કાયદાકીય બાબતોમાં આજનો આદિવાસી સાવ અટવાઈ ગયો છે.

સત્યમેવ જયતે

એ/સી,. એન. કે. ચવેરીયા

મું.પો. મોટા પોંઢા, તા. કપરાડા, જિ. વલસાડ

## આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આલમપુર સેવાસમાજ ટ્રસ્ટ દ્વારા આલમપુર ખાતે નિર્માણધીન શૈક્ષણિક સંકુલમાં રવિવારે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સંયુક્ત રાષ્ટ્રસંઘ'યુનો' દ્વારા તા. ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ જાહેર કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં વસતા આદિવાસી સમાજના નાગરિકો દ્વારા દર વર્ષે આ દિવસની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે અને તેમના પરંપરાગત વસ્ત્રો તથા સાજ-શણગાર અને આયુધોથી સજ્જ થઈને રેલીનું આયોજન કરાય છે. જો કે આ વર્ષે કોવિડ-૧૯ સંક્રમણનું જોખમ હોવાથી રાજ્ય સરકાર દ્વારા આવી કોઈ પણ જાહેર ઉજવણી પર નિયંત્રણો લાદી દેવામાં આવ્યા છે. જેને અનુલક્ષીને પ્રકૃતિપ્રેમી શ્રી ડુંગર ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા રવિવારે 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી સાદગીથી વૃક્ષારોપણ સાથે કરવામાં આવી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમ ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ખાતે વિકસી રહેલા સમાજના શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ ભરતભાઈ મોડીયા, પૂર્વપ્રુમખ નામદેવ વસાત અને ડો. કે.એન. બામણીયા સહિત રાજ્ય વેરા નાયબ કમિશ્નર જયંતિભાઈ નિનામા કમિશ્નર જયંતિભાઈ નિનામા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે

## આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા વૃક્ષારોપણનો મહોત્સવ ઉજવાયો

દાહોદ જિલ્લામાં આદિવાસી પરિવાર દ્વારા જિલ્લામાં તાલુકા દીઠ તમામ ગ્રામ લેવલે ૧,૧૧,૧૧૧ રોપા સવા કલાકમાં રોપી, આદિવાસીઓએ વૃક્ષારોપણનો મહાસંદેશ આપ્યો. ઘરે રહીને ઘરની પાસે કે ગામના થાનકો, ખેતર, શાળા, પંચાયતમાં એમ અલગ અલગ જગ્યાએ આદિવાસી પોતાના પૂર્વજોને હાજર કરવાની વિધિવિધાન સાથે હરિયા કામઠી ધારણ કરી આદિવાસી પહેરવેશ સાથે વ્યક્તિદીઠ પાંચ પાંચ વૃક્ષો વાવી સદીઓથી ચાલી આવતી આદિવાસી સાંસ્કૃતિકની રીતે ઉજવણીની એકેતા ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે જોવા મળી આદિવાસી પરિવાર અલગ અલગ જગ્યાએ વૃક્ષારોપણ કરી ગુજરાતમાં સૌ પ્રથમ સૂરજનું કિરણ દાહોદ જિલ્લાની ધરતી પર આવે છે તેની સાક્ષીમાં માતૃ-પિતૃ પૂર્વજોની હાજરી માની દરેક રોપાનું જતન કરવાના શપથ લીધા. આદિવાસી પરિવાર, દાહોદ જિલ્લાને વૃક્ષારોપણના સંદેશ થકી વૃક્ષોનું જતન કરી હરિયાળો પ્રદેશ બનાવવાની હાકલ કરી છે. કોરોના મહામારીમાં સરકારની ગાઈડલાઈન જાહેરનામા મુજબ વૃક્ષારોપણ થયું હતું. વૃક્ષોમાં પીપળ, લીમડો, આંબો, સીમેલ, વડલી, ગરમાળો, મોવડી, વાંહેણ જેવા વૃક્ષોનો બહોળો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં આયોજન અને વ્યવસ્થામાં આશીર્વાદરૂપી માનનીય કલેકટર અને જિલ્લા પોલીસ વડા અધિકારી તેમજ દરેક વ્યવસ્થા વહીવટી સરકારી કર્મચારીઓનો જોહર વંદન કરે છે. આદિવાસી સ્માર્ટ સીટી દાહોદ તેમજ ગુજરાત ભરમાં આદિવાસી સમાજની પ્રેરણા ખુબ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

# અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે વેબિનાર યોજાયો

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે યોજાયેલ વેબિનારમાં આદિવાસી પ્રાર્થના થઈ. નઈ ભૂલજી કાર્યક્રમની શરૂઆત કરી હતી. વક્તાશ્રીઓનું સ્વાગત અને પરિચય પ્રમુખશ્રી પ્રો. જે.સી. પટેલ અને મંત્રીશ્રી ડો. વિનુભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવ્યો. શુભેચ્છા સંદેશ આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા અને કમિશ્નરશ્રી દિલીપ રાણાએ આપ્યો હતો.

પ્રો. જે.સી. પટેલ વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિશ્વ આદિવાસી દિવસ મુખ્યત્વે વિશ્વના આદિવાસીઓના અધિકારોના જતનના સંદર્ભમાં મનાવવામાં આવે છે. કારણ કે વિશ્વમાં જો સૌથી વધુ શોષણ થયુ હોય તો તે આદિવાસીઓનું થયું છે તેથી આદિવાસીઓના અધિકારોનું જતન થાય તે તાતી જરૂર છે. આ પ્રસંગે તેઓએ ભારતના/ ગુજરાતના આદિવાસીઓની શું સમસ્યાઓ છે તેની ચર્ચા કરી હતી. આદિવાસીઓના પ્રશ્નોમાં તેમની ઓળખ સંસ્કૃતિ, ભાષા, રૂઢિઓ, પરંપરાઓ સ્થળાંતર તથા રિર્ઝવેશન જેવી બાબતોની ચર્ચા કરી હતી અંતમાં પર્યાવરણની જાળવણીમાં આદિવાસી સંસ્કૃતિ જ અગત્યની છે તે વાત ઉપર ભાર મૂકયો હતો.

પ્રો. કે.એમ. મેત્રિ ટ્રાયબલ સ્ટડીઝ વિભાગ, કન્નડ યુનિવર્સિટી-હમ્પીમાં પ્રોફેસર અને અધ્યક્ષ છે. તેમણે ૪૨ પુસ્તકો તથા ૨૦૦થી વધુ લેખો લખ્યા છે. તેઓએ અનેક નિષ્ણાત સમિતિમાં અગત્યની ભૂમિકા ભજવી છે. તેઓએ તેમના વકતવ્યમાં આદિવાસી સંસ્કૃતિ અને ભાષા ઉપર વધુ ભાર મૂકયો હતો. ગુજરાતમાં રાજગોંડ આદિવાસીઓની સમસ્યાઓ શું છે તેઓ કઈ સ્થિતિમાં રહીને જીવન જીવે છે તેની ચર્ચા કરી હતી. સાથે વિશ્વ આદિવાસી દિવસનું મહત્વ સમજાવ્યું હતું.



પ્રો. જે.સી. પટેલ

ડો. અશોકસિંગ બીટીપીના પ્રવકતા છે. તેઓ આદિવાસી સમુદાય સાથે સંકળાયેલા છે. આદિવાસીઓના પ્રશ્નોને વાચા આપે છે. પોતાને ભીલખંડી તરીકે ઓળખાવે છે. આ દિવસે તેમણે પણ આદિવાસીઓના પ્રશ્નો ચોક્કસપણે હલ થવા જોઈએ તે બાબત ઉપર ભાર મૂકયો હતો.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ડો.સી.જે. કોંકણી દ્વારા આદિવાસીઓની જીવનશૈલી વિષે ચર્ચા કરી હતી. જેમાં તેઓએ તેમના દેવદેવીઓ વિશે પણ માહિતી આપી હતી એકંદરે આદિવાસીઓ સંતોષપ્રદ અને આનંદમય જીવન જીવવા માગે છે. તેમણે અનુસૂચિ પનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ડો. દેવચંદ વોહનીયાએ બંધારણીય જોગવાઈઓ અને આદિવાસીઓના અધિકારના સંદર્ભમાં વાત કરી હતી મુખ્યત્વે આદિવાસી વિસ્તારમાં જે સુવિધા પહોંચી શકી નથી તે પહોંચાડવા માટે આયોજન શું કરી શકાય તેના ઉપર ભાર મૂકયો હતો.

ડો. સંજય પટેલ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કાર્યરત છે. આદિવાસી અધિકારના સંદર્ભમાં કલમો સહીત ચર્ચા કરી હતી. યુ.એન. ડીકલેરેશનની વાત કરી હતી. રૂઢિગત ગ્રામસભા સંદર્ભે બધાને વાકેફ કર્યા હતા.

પ્રા. બંકીમચંદ્ર વસૈયા ગૂજરાત વિદ્યાપીઠમાં કામ કરી રહ્યા છે. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે તેમણે બધાને શુભેચ્છા પાઠવી હતી. આ

(અનુસંધાન પાના નં.-૨ ઉપર )

 ISSN-2454-9622 Dt. 18-08-2020, Tuesday

આ સરકાર આદિવાસી વિરોધી છે : છોટુભાઈ વસાવા

# ભરૂચના ચંદેરીયામાં જયપાલસિંહ મુંડા ડિમ્ડ યુનિવર્સિટીનું ભૂમિપૂજન કરાયું



ભરૂચ જિલ્લાના ચંદેરિયા ગામે બીટીપીના ધારાસભ્યો છોટુભાઈ વસાવા અને મહેશ વસાવાની હાજરીમાં જયપાલસિંહ મુંડા ડિમ્ડ યુનિવર્સિટીનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રવિવારના રજો આદિવાસી દિવસ નિમિત્તો ઝઘડીયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવા અને ડેડિયાપાડાના ધારાસભ્ય મહેશભાઈ વસાવાની હાજરીમાં વાલીયા તાલુકાના ચંદેરીયા ખાતે જયપાલસિંહ મુંડા ટ્રાઈબલ ડિમ્ડ યુનિવર્સિટીનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝઘડીયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, આ સરકાર આદિવાસી વિરોધી છે અને આદિવાસીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. જયપાલસિંહ મુંડા યુનિવર્સિટીમાં એસ.ટી., એસ.સી., ઓબીસી અને માયનોરીટી તથા દબાયેલા, કચડાયેલા વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષણ આપવામાં આવશે. આ અવસરે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



વઢવાણ શહેર સ્થિત જોગણી માતાના મંદિર ખાતે ન્યુ ગુજરાત સમસ્ત આદિવાસી ભીલ સમાજ ટ્રસ્ટ પ્રમુખશ્રી દિલીપભાઈ ડગળા દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર દેશમાં કોવિડ વાયરસનો ફેલાવો દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે વઢવાણના આદિવાસી સમાજના લોકોને કોરોના જેવી મહામારી સામે રોગપ્રતિકારશક્તિ વધે તે માટે આયુર્વેદિક ઉકાળાનું સેવન નાયબ જિલ્લા પોલીસ અધિકારી એસ.જે. પવાર, પ્રોફેસર ગમન પટેલ, સામાજિક કાર્યકર સુબોધ જોષી, પી.એસ.આઈ. વિવેક મલ્હોત્રા, મહિલા પી.એસ.આઈ. એમ.એમ. રબારી તથા સમસ્ત ભીલ સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીરસામુંડાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી તેઓના જીવન ચરિત્ર અંગે મહાનુભાવોએ મંતવ્ય રજૂ કર્યા હતા. તદ્ઉપરાંત ૨૦૦ વ્યક્તિઓને માસ્ક વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ જોગણી માતા મંદિરના પ્રાંગણમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વ્યસનમુક્તિ અંગે પરિસંવાદ યોજી ઉપસ્થિત સમાજના લોકોને વ્યસન મુક્ત થવા સામૂહિક શપથ લેવડાવ્યા હતા.

# આદિવાસી સમાજ અને કાનૂનીકરણ

આદિવાસી સમાજ અને કાનૂનીકરણ વિશે આજે ચર્ચા કરવી એ મહત્વની બાબત છે. આદિવાસી સમાજ વિકાસ માટે ભારતના બંધારણની જોગવાઈઓ મુજબ વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જેમ કે પેસા એક્ટ-૧૯૯૬, જંગલ જમીન અધિકાર-૨૦૦૬, આદિવાસી અત્યાચાર નિવારણ-૧૯૮૯ તથા અન્ય આદિવાસી અત્યાચાર હક્કોને લગતા કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પરંતુ આ કાયદાઓની અમલવારી પર પ્રશ્ન ઉદ્ભવે છે. કારણ કે આ કાયદાઓનું પાલન સંપૂર્ણપણે થતું નથી. પેસા એક્ટના કાયદા મુજબ આદિવાસી વિસ્તારમાં સંપૂર્ણ રીતે વહીવટી કચેરીઓમાં આદિવાસી અધિકારીઓ સંચાલન કરતા હોવા જોઈએ ત્યારે જ આદિવાસી વિકાસની રૂપરેખા સમજી શકાય પરંતુ તેમના વિસ્તારમાં વહીવટી કચેરીઓમાં બિન આદિવાસી અધિકારીઓ જોડાયેલા છે. તેથી કહી શકાય છે કે કાનૂની કરણની આદિવાસી વિસ્તારમાં અમલવારી થયેલ નથી.

આવી જ રીતે આદિવાસી સમાજમાં જંગલને લગતા કાયદાઓ અંગ્રેજ સમયગાળા દરમિયાન ઘડાયેલા છે. તેનો પણ સરકાર તથા સરકારી અધિકારીઓ દ્વારા દૂરઉપયોગ થાય છે. જંગલ તથા જંગલના નામે આદિવાસી વિસ્તારની જમીનો સરકારી, ખરાબા તથા ગૌચરના નામે અથવા પંચાયતના નામે આદિવાસી સમાજના પૂર્વજનો તથા વર્તમાન આદિવાસી સમાજ પાસેથી જમીન લઈ લેવામાં આવી છે.

આ જમીનો પાછી મેળવવા વારંવાર આદિવાસી આંદોલનો થાય છે. સરકાર પાસે જમીન મેળવવા માંગણીઓ થાય છે. પરંતુ તેમનો જમીન અંગેના પ્રશ્નોના ઉકેલ આપવામાં આવેલા નથી. આમ આ બધી પરિસ્થિતિ આદિવાસી વિકાસમાં અવરોધક છે. તેનો ઉકેલ રાજ્ય તથા કેન્દ્ર સરકારો દ્વારા લાવવો જોઈએ. જેથી આદિવાસી સમાજનો વિકાસ તથા આદિવાસી કાનૂનીકરણની અમલવારી યોગ્ય દિશામાં જઈ શકે.

( અનુસંધાન પાના નં.-૧નું ચાલુ )

## અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી.....

દિવસ અનુરૂપ સંબોધન કર્યું હતું.

ડૉ. સુભાષ પાંડર ભીલપ્રદેશ, ગોંડવાના, નીલગીરી અને પૂર્વના રાજ્યોના વીર વીરાંગના, રમતવીરો, યુવા નેતાઓ અને રૂઢિગત સામાજિક કાર્યકર્તાઓને યાદ કર્યા હતા. હલ્દીઘાટી, માનગઢ, દઢવાવમાં હજારોની સંખ્યામાં આદિવાસીઓ શહીદ થયા છે ત્યારે તે સમયના નેતૃત્વ ઉપર પ્રશ્ન કર્યો.

આદિવાસીઓની જમીન ગઈ છે તે વાસ્તવિકતા છે ૧૯૭૨ના લેન્ડ રેવન્યુ રૂલ્સનો અભ્યાસ કરવો પડશે. પોલીસ અને જંગલખાતુ રક્ષણ આપવાના બદલે અત્યાચારના કેન્દ્ર બની રહ્યા છે. પ્રકૃતિ પૂજક આદિવાસીઓ હિન્દુ, ખ્રિસ્તી અને મુસ્લિમની જાળમાં ફસાઈ રહ્યા છે. આદિવાસી સમુદાયના કેટલાક અધિકારી, કર્મચારી, નિવૃત્તી પછી બિન આદિવાસીઓની સંસ્કૃતિનો પ્રચાર કરે છે તેમને ઓળખવા પડશે. આદિવાસી સંસ્કૃતિ પ્રેરણાદાયી છે. ઈતિહાસ ગૌરવપૂર્ણ છે. આ વારસાને જાળવવા માટે યુવાનોએ આગળ આવવું પડશે. અરવલ્લી જનજીવનની કામગીરીને બિરદાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દેવચંદ વોહનીયાએ કર્યું હતું. વેબિનારની ટેકનિકલ કામગીરી વિષ્ણુ પટેલ પીએચ.ડી. સ્કોલરે કરી હતી. બે અધ્યાપકોએ પ્રતિભાવ આપ્યા હતા છેલ્લે તમામનો આભાર પ્રમુખશ્રી જે.સી. પટેલ વ્યક્ત કર્યો હતો. આ વેબિનારમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને આદિવાસી ક્ષેત્રમાં કાર્ય કરતા કાર્યકરો સારી સંખ્યામાં જોડાયા હતા.

# વાંસદામાં બિરસામુંડા ચોકનું અનાવરણ



૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે વાંસદા રાજા વાંસિયા ભીલ સર્કલની સામે બીટીએસ સંગઠન દ્વારા બિરસામુંડા ચોકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. નવસારીમાં ૯૫ ટકા આદિવાસી વસતિ ધરાવતા વાંસદા તાલુકાના આદિવાસી સમાજના લોકોની બે વર્ષ જૂની ઈચ્છા આવે પરિપૂર્ણ થઈ તેમ પંકજ પટેલ દેગામ, અધ્યક્ષ ભિલિસ્તાન ટાઈગર સેના, નવસારી જણાવ્યું હતું કે આ પ્રસંગે યુવાનોએ ભેગા થઈ બિરસામુંડાએ અંગ્રેજો સામે સ્વતંત્રતા માટે કરેલી લડતને યાદ કરીને આ સર્કલ યુવાનો માટે પ્રેરણારૂપ બને તે હેતુ છે. આવનારા દિવસોમાં પણ જાહેર સ્થળોએ બિરસામુંડા માર્ગનું તકતીનું અનાવરણનો કાર્યક્રમ પણ કરવામાં આવશે.

# ડભોઈમાં બિરસા યુવા સંગઠન દ્વારા વિશ્વ આદિવાસી દિવસની શાનદાર ઉજવણી



તા. ૯મી ઓગષ્ટ રોજ સમગ્ર રાજય જયારે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ડભોઈ પંથકમાં વસવાટ કરતા વિવિધ આદિવાસી સંગઠનો દ્વારા પણ આદિવાસી દિવસની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બિરસા યુવા સંગઠન દ્વારા ડભોઈ કિશાન ટાવર નજીક આવેલા ડો. બાબાસાહેબ આંબેડકની પ્રતિમાને ફૂલમાળા અર્પણ કરી આ દિવસની ઉજવણી કરી હતી. જ્યારે આદિવાસી યુવાન તરૂણભાઈ વસાવાએ જણાવેલું તમે આજરોજ સો જેટલા વૃક્ષો વાવી શું તેનું જતન દરેક યુવક અને જે કોરાનાની મહામારી સમગ્ર વિશ્વમાં છે તે અમારી કુળદેવી માતાને પ્રાર્થના કરીશું કે વિશ્વમાંથી કોરનાની મહામારી વહેલી તકે જતી રે. મા પર અમને વિશ્વાસ છે. વહેલી તકે સમગ્ર વિશ્વમાંથી કોરોનાની મહામારી જતી રહેશે. ડભોઈ ખાતે બિરસા યુવા સંગઠનના ઉપક્રમે વિશ્વ આદિવાસી દિવસની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. યુ.એન.ઓ દ્વારા ઘોષિત તા. ૯મી ઓગષ્ટના દિવસે દેશ માટે ઉમદા કાર્ય કરનાર આદિવાસીઓના સન્માનમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે તમામ આદિવાસી સમાજના લોકો દ્વારા ભવ્ય શોભાયાત્રાઓની કડતી હોય છે પણ ચાલુ સાલ કોરોનાની મહામારીને પગલે વિશ્વ આદિવાસી દિવીસની ઉજવણી ડભોઈ ખાતે સાદાઈથી કરવામાં આવી હતી. બિરસા યુવા સંગઠન દ્વારા કિસાન ટાવર ખાતે એકત્ર થઈ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલમાળા અર્પણ કરી જય આદિવાસીના જય ઘોષ સાથે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી જ્યારે આ પ્રસંગે નિમિત્ત વેરાઈ માતા વસાહતમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બિરસા યુવા સંગઠનના અજય રાઠવા, વકીલ જયેશ તડવી, વિજયભાઈ તડવી, તરૂણભાઈ વસાવા, હાર્દિક વસાવા, ભાવેશ રાઠવા, જૈમિન રાઠવા, ઈલેશ રાઠવા, પંકજ રાઠવા અને મનુભાઈ રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીમતી હિરાબહેન નીનામા



જેસાવાડામાં જન્મેલાં શ્રીમતી હિરાબહેન ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં સંતરામપુર, દાહોદ અને ઝાલોદમાંથી ધારાસભ્યમાં ચૂંટાઈ આવ્યાં. સ્પીકર પેનલ પર રહીને સભાગૃહનું સંચાલન કરનાર પ્રથમ આદિવાસી મહિલા હતા. તેઓએ બાળમહિલા કલ્યાણ પ્રવૃતિ, દુષ્કાળ રાહત, રાષ્ટ્રીય ચળવળમાં રસ દાખવી પ્રદેશ અને સમાજ ઉત્કર્ષ માટે પ્રવૃત્તિ આદરી હતી.



**સાબરકાંઠા જિલ્લા લાખીયા ગામનો એક ગરીબ ખેડુતો પોતાની જમીન માટે સરકારી કચેરીના ૪૬ વર્ષથી ધક્કા ખાઈ રહ્યો છે**

# આદિવાસીઓને દેવામુક્ત બનાવતો કલેક્ટર

**આદિવાસી ક્ષેત્રમાં ધીરધારનો ધંધો કરતા શાહુકારોના લાયસન્સ રદ**

મધ્યપ્રદેશના આદિવાસી ક્ષેત્ર (પાંચમી અનુસૂચિ ક્ષેત્ર)ના સૈલાના તાલુકામાં બાજના અને રાવટીમાં આદિવાસી ખેડૂતો દ્વારા શાહુકારો (ધીરધાર) પાસે ગીરવે મૂકેલી જમીન અને ઘરેણાં હવેથી આદિવાસીઓને દેવું ભર્યા વગર પાછું મળશે. રતલામ કલેક્ટરે બુધવારે આ આદેશ જાહેર કર્યો. ઝાબુઆ પછી આ પ્રદેશમાં રતલામ બીજો જિલ્લો છે જ્યાં શાહુકારોના તમામ સોદાઓ રદ કરી દેવામાં આવ્યા છે. જો શાહુકારો આદિવાસીઓ દ્વારા યસરવે રાખવામાં આવેલી જમીન અને ઘરેણાં ન આપે તો તેમની સામે અપરાધિક કેશ(એફઆઈઆર) દાખલ થશે. કલેકટર બી. ચંદ્રશેખરના મત અનુસાર ત્રણ આદિવાસી તાલુકાઓમાં આદિવાસી વસતિ છે અને અનુસૂચિત ક્ષેત્ર જાહેર કરેલ છે. આ તાલુકાઓમાં મધ્યપ્રદેશ શાહુકારો (ધીરધાર) સંશોધન અધિનિયમના આધારે શાહુકારી લાયસન્સ આપી શકશે નહીં. તેમ છતાં આ પહેલાના અધિકારીઓએ ફકત શાહુકારી લાયસન્સ આપ્યા છે તેવું નથી પરંતુ તેમના લાયસન્સ નવીનીકરણ પણ કરી આપ્યા. કલેકટરને પોતાના આદેશમાં આવા તમામ પ્રકારના લાયસન્સ રદ કરી દેવામાં આવ્યા છે. કલેકટરના આદેશ(પરિપત્ર)ના જાહેર કર્યા પછી સૈલાના રાવટી અને બાજના તાલુકામાં કોઈ પણ વ્યક્તિ આદિવાસીઓની જમીન યા અન્ય કોઈ પણ કિમંતી વસ્તુ ગીરવે રાખીને વ્યાજનો ધંધો કરી શકશે નહીં. કલેકટરના આ આદેશ (પરિપત્ર)થી સાબિત થાય છે કે ત્રણ આદિવાસી તાલુકાઓમાં જે લોકોએ (શાહુકારો) આદિવાસીની જમીન યા અન્ય કોઈ પણ વસ્તુ ગીરવે મૂકી છે તે (સ્વતઃ) આપોઆપ છૂટી થઈ ગઈ છે અને શાહુકારોએ તાત્કાલિક પરત કરવાની છે દેવું ચુકવા માટે આદિવાસીને મુક્ત છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી ખેડૂતોની જમીન બિન આદિવાસીઓ ખરીદી શકતા નથી. લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૮૭૯,૧૯૨૧, ૧૯૭૨, ભારતીય અધિનિયમ બંધારણ ૧૯૫૦, Goverment of Indai Act. 1931-35,Excluded Area,91-92ના અધારે Judicial રાજ્ય કે કેન્દ્ર સરકારને પણ આદિવાસીની જમીન લેવાનો અધિકાર નથી જ. સમતા જજમેન્ટમાં પણ સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે GOVERMENT OF INDA ACT ૧૯૩૫માં ૯૧ અને ૯૨ મુજબ આદિવાસીક્ષેત્રમાં રાજ્ય કે કેન્દ્ર સરકારની જમીન નથી. ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૯૭૨ મુજબ લીઝ લીઝીઝ, એગ્રીમેન્ટ, સનદ તા. ૪-૨-૧૯૬૭ માં નસ્ટ રદબાદલ છે.

કલેકટરશ્રી દ્વારા જે જમીન આદિવાસીની છીનવવામાં આવે છે તો ગેરબંધારણી, ગેરકાનૂની દેશના બંધારણ વિરુદ્ધનું એટલે દેશદ્રોહીનું કાર્ય કરી રહ્યા છે.

પ્રકૃતિ પૂજક આદિવાસીઓ

# ધર્મની ગુલામીમાંથી બહાર આવે તો જ આદિવાસી સમાજ એક થઈ શકે!

મારા આદિવાસી સમાજના મિત્રો કે જેઓ ધાર્મિક અને રાજનૈતિક આસ્થાથી જોડાયેલા છે. તેઓમાં મેં એક ખાસ વાત જોઈ છે. જયારે મારા સમાજના અત્યાચારની વાત કરે છે તો તે લોકોને કોઈ જ ફરક પડતો નથી. તે મારો અનુભવ છે. છતીસગઢ અને ઓરીસ્સા જેવા રાજ્યોમાં આપણા લોકો પર જ્યારે અત્યાચાર થાય છે અને જ્યારે આપણા લોકોને જાણકારી આપે છે ત્યારે એવું લાગે છે કે અમારા લોકોની સંવેદના મરી પરવારી ચૂકી છે. અને ઘણા લોકો એવું પૂછે છે કે આ ક્યારે બન્યું ? જાણે કે તેઓ આ દેશમાં રહેતા જ ન હોય અને આદિવાસી સમાજ સાથે કોઈ લેવાદેવા જ ન હોય તેવો અર્થ વગરનો સવાલ કરે છે, પણ જ્યારે હું કોઈ ધર્મ કે રાજનીતિ વિશે લખું છું ત્યારે અમારા ભણેલા પરંતુ અભણ લોકો કહેશે કે તમે લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોચાડો છો. તમે નાસ્તિક છો. જો ધર્મની વાત કરશો તો તો તમારી સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. એમ પોતાના લોકો જ કહેશે અને ધમકી આપે છે અને જ્યારે કોઈ પાર્ટીની વાત કે પક્ષની વાત આવે ત્યારે જાણે કે પોતાના બાપની પાર્ટી હોય તેમ પાર્ટી કે પક્ષની દલાલી કરવાનું ચાલુ કરી દે છે. મારે તેવા લોકોને તે કહેવું છે કે આસ્થાની વાત આવે છે ત્યારે જે સમાજના લીધે તમે ભણ્યા છો અને તમે સફળ બન્યા છો તે જ સમાજને આજે ધર્મના નામે કે રાજનીતિ દ્વારા સમાજને પાછળ ધકેલી રહ્યા છો. અહીં સંવેદના મરી પરવારે છે. જેનું કોઈ નામ કે ઠેકાણું નથી તેવા ધર્મને માટે ઘણા લોકો સમાજને સમજતા જ નથી. સમાજને આજે બધાની ખૂબ જરૂર છે. ભણેલા- ગણેલા અભણ સત્સંગી, શાકાહારી, માંસાહારી આ બધાને સમાજ માટે ખૂબ જરૂરી છે. જેણે પણ ધર્મ કે રાજનીતિના કપડા પહેર્યા છે તેઓ એક વખત તે કપડા ઉતારી આદિવાસી બનીને વિચારે કે સમાજ પર જે અત્યાચાર થઈ રહ્યો છે તેની સામે અવાજ ઉઠાવે, કેમકે આજે આદિવાસી સમાજને એકતા અને એકરૂપતાની ખૂબ જ તાતી જરૂર છે.

# આદિવાસીઓનું સાંસ્કૃતિક જીવન

સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ જણાવે છે કે આદિવાસી સંસ્કૃતિ વિકસિત સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ અન્ય સમાજના લોકો આર્યો, દ્રવિડો વગેરેને માટે પ્રેરણારૂપ છે પરંતુ વાસ્તવિક્તા કે હકીકત એ છે કે આદિવાસી સંસ્કૃતિ વિનાશના આરે છે. માનવશાસ્ત્રીઓ દુનિયાની બધી જ જાતિઓને મુખ્ય ત્રણ પ્રકારના વહેંચે છે. (૧) ગોરા લોકો કોકેશિયન છે. (૨) પીળા લોકો મોંગોલોઈડ છે. (૩) કાળા લોકો ઈથોપિયન છે. કાળા રંગના લોકો ભારત દેશના મૂળનિવાસી આદિવાસીઓ છે. આર્યો અને દ્રવિડો ભારતમાં ઘૂસ્યા તે પહેલા આ દેશમાં આદિવાસીઓ રહેતા હતા. દ્રવિડો આદિવાસીઓ સાથે મળતા આવે છે પરંતુ તે જુદા છે. આર્ય લોકો ઠંડા પ્રદેશોમાંથી આ દેશમાં ઘૂસ્યા છે. આર્યો ગોરા છે પરંતુ આ દેશની ગરમીથી સમય જતા તેમના શરીરનો રંગ ફિક્કો (ઘઉંવર્ણ) પડેલો દેખાય છે. પૂર્વ પ્રદેશમાં રહેતા લોકો પીળા રંગના છે. જેમ્સ ફાર્બ્સ કહે છે કે ઘણા વર્ષો પૂર્વે અત્યારના હિન્દુઓના પૂર્વજો એ આદિવાસીઓની મિલકત પડાવી લીધી હોવાનું અને પહાડી પ્રદેશમાં હાંકી કાઢ્યા હોવાનું જણાવે છે. આદિવાસીઓ જીવનનિર્વાહ માટે ખેતી પશુપાલન ખેતમજૂરી, મજૂરી, જંગલ પેદાશ, એકત્ર કરે છે. કેટલાક આદિવાસીઓ મજુરી અર્થે શહેરમાં સ્થળાંતર પણ કરે છે ત્યાં તેમનું આર્યો અને દ્રવિડો દ્વારા શોષણ પણ થાય છે.

આદિવાસીઓની પરંપરાગત સંસ્કૃતિમાં એવી અનેક લાક્ષણિકતા છે જે આર્યો અને દ્રવિડો માટે પણ પ્રેરણારૂપ છે. આદિવાસીઓમાં સરળતા, નિખાલસતા અને સચ્ચાઈ જેવી લાક્ષણિકતાઓ જોવા મળે છે. જરૂર પૂરતા સાધનોનો વપરાશ જોવા મળે છે. આદરની ભાવના અને સંતોષ તેમના જીવનમાં વણાયેલા છે. સાદગી આદિવાસી સંસ્કૃતિમાં જોવા મળે છે. આદિવાસીઓ સામુહિક જીવન ઉપર અધિક ભાર મૂકે છે. આદિવાસીઓમાં સ્ત્રીપુરુષ વચ્ચે સમાનતા છે. પુત્ર-પુત્રીના ઉછેરમાં સમાનતા જોવા મળે છે. સહકારની ભાવના જોવા મળે છે. આર્યો અને દ્રવિડોમાં ભેદભાવ છે. તેવો ભેદભાવ આદિવાસીઓમાં જોવા મળતો નથી. આદિવાસી સંસ્કૃતિ પ્રેરણાદાયી સંસ્કૃતિ છે.

 ISSN-2454-9622 Dt. 18-08-2020, Tuesday

# શિક્ષણમાં કરેલું માનવધન અને સંપત્તિનું રોકાણ જ આવતીકાલને ઉજળી બનાવે

આ બાબતે જાગૃતતા લાવવા માટે ભારતને જુદા જુદા સમયે નેતાઓ પ્રાપ્ત રહ્યા છે. આવા જ એક આગેવાન એટલે આપણા સૌના લાડીલા મિસાઈલમેન એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ. શિક્ષકમાંથી રાષ્ટ્રપતિ પદ શોભાવ્યું અને નિવૃત્તિ બાદ પણ સમગ્ર જીવન દરમિયાન શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત રહ્યા. સમગ્ર જીવન શિક્ષણને સમર્પિત કરનાર મહાન વિભૂતિના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે. અરે. અંતિમ શ્વાસ પણ તે જ દિશામાં જતા જતાં ગયા, તેવું આપણે નજરે નિહાળ્યું.

ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબનું નામ રાષ્ટ્રપતિ તરીકે સર્વાનુમતે પસંદ થયું. પ્રત્યેક ભારતવાસી માટે આ એક ગૌરવપ્રદ ઘટના હતી. સૌને લાગ્યું કે કલામ સાહેબ આપણા છે. આ જેવી તેવી સિદ્ધિ નથી. રાષ્ટ્રપતિના શપથગ્રહણ સમારંભના રિવાજ પ્રમાણે રાષ્ટ્રપતિ કોને કોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા માગે છે તેમ પૂછવામાં આવે છે. એક અધિકારીશ્રી કલામજીને પૂછ્યું : આપશ્રી રાષ્ટ્રપતિના શપથગ્રહણ સમારંભમાં આપના કયા કયા સગાઓને મિત્રોને બોલાવવા માગો છો. તે જણાવો તો તેમણે આમંત્રણ આપી શકાય. કલામ સાહેબને પ્રત્યુત્તર અત્યંત સૂચક, ગૌરવપ્રદ અને સન્માન પ્રેરે તેવો હતો. તેઓશ્રીએ જણાવ્યું કે નામ તો મને યાદ નથી પરંતુ મને પ્રાથમિક શાળામાં જે જે શિક્ષકોએ ભણાવ્યું છે તેમને બોલાવવાનું મને ખૂબ ગમશે. શિક્ષકો માટે આનાથી વિશેષ આનંદપ્રદ અને ગૌરવશાળી ઘટના કઈ હોઈ શકે ? પછી તો શું થાય ? શ્રી કલામ સાહેબે જે જે શાળામાં અભ્યાસ કર્યો હતો તેનો રેકોર્ડ શોધી કાઢવામાં આવ્યો. તેમને જે શિક્ષકોએ ભણાવ્યું હતું તેમના નામ શોધવામાં આવ્યા. તેમના સરનામા મેળવવામાં આવ્યા. તેમાંથી જે જે જીવતા હતા તેમનો આમંત્રણ પાઠવવામાં આવ્યું. આ વાત અહી અટકતી નથી. તે તમામને વિશેષ હેલીકોપ્ટર અથવા વિમાન દ્વારા દિલ્હી લઈ જવામાં આવ્યા. વળી આ શિક્ષકોને વ્યક્તિગત મદદ કરવા માટે જે તે જિલ્લાના કલેક્ટરના જાતે તેમની સાથે રાખવામાં આવ્યા. કલામ સાહેબને સો સો સલામ !

કોઈપણ દેશનો બૌદ્ધિક વિકાસ તેના ઉત્તમ શિક્ષકોને આભારી હોય છે. સમાજને ઉત્તમ શિક્ષણ પ્રણાલી પૂરી પાડવામાં આવે તો દેશનું ભવિષ્ય ઉજજવળ બન્યા વિના રહે નહી. શિક્ષણમાં કરેલું માનવધન અને સંપત્તિનું રોકાણ જ આવતીકાલને ઉજળી બનાવે. આ ક્ષેત્રે પ્રવેશતો પ્રત્યેક વ્યક્તિ ઉત્તમ માનવ હોય તો જ રાષ્ટ્રનું ઉત્તમ ચારિત્ર્ય બને. શિક્ષક જ સમાજમાં પરિવર્તન લાવી શકે તે તો મશાલચી છે. આ ક્ષેત્રે ઉત્તમ બીજારોપણ થશે તો ચોક્કસ જ સર્વોત્તમ ફળ પ્રાપ્ત થશે.

# ઉચ્ચશિક્ષણનું વધતું વૈશ્વિકીકરણ

વૈશ્વિકીકરણને આપણે મહદઅંશે આર્થિક સંદર્ભમાં અને માહિતી ટેકનોલોજીના સંદર્ભમાં જોઈએ છીએ. પણ એકબીજા મહત્વના ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં વૈશ્વિકીકરણ શરૂ થયું છે અને તે છે ઉચ્ચશિક્ષણ. તેનું એજન્ટ છે, યુનિવર્સિટીઓ. વિશ્વની મોટી, ખ્યાતનામ યુનિવર્સિટીઓનું વૈશ્વિકરણ શરૂ થયુ છે.

પ્રાચીન સમયમાં ભારતમાં નાલંદા અને તક્ષશિલા જેવી મહાન યુનિવર્સિટીઓ હતી, તેમાં અભ્યાસ માટે દુનિયાભરના વિદ્યાર્થીઓ આવતા અને તે સમયના શ્રેષ્ઠ શિક્ષકો પાસે વિવિધ વિદ્યાશાખાઓ અને શાસ્ત્રોનો અભ્યાસ કરતા. મધ્યયુગમાં પેરિસ અને બોલેગ્ના ખ્યાતનામ યુનિવર્સિટીઓ હતી. જે યુરોપના વિદ્વાનોને મોટા પ્રમાણમાં આકર્ષતી. બ્રિટનમાં ઓકસફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીઓમાં પણ શિક્ષણ મેળવવાનું મોટું આકર્ષણ હતું. ૧૯મી સદીમાં જર્મની ઉચ્ચશિક્ષણ અને સંશોધનનું મુખ્ય કેન્દ્ર બન્યું. જર્મનીની યુનિવર્સિટીઓમા યુરોપના તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસ અને સંશોધન માટે જોડાતા.

વીસમી સદીના આરંભમાં જેને આપણે ઉચ્ચશિક્ષણનં વૈશ્વિકીકરણ કહી શકીએ તેની શરૂઆત થઈ. સેશિલ રહોડ્ઝ અને વિલિયમ હાર્કનેસ જેવા દાનવીરીઓએ જુદા જુદા દેશોની યુનિવર્સિટીઓ વચ્ચે આદાન પ્રદાન વધે તે હેતુએ સ્કોલરશીપની સ્થાપના કરી. ૧૯૬૦ના દાયકા સુધીમાં જુદા જુદા દેશોમાં વિદ્યાર્થીઓ અને સંશોધકોને માર્ગદર્શન આપવા માટે પ્રોફેસરોની આવનજાવન મોટા પ્રમાણમાં થવા લાગી. સાથે સાથે એક જોક પ્રચલિત થઈ : ઈશ્વર અને પ્રફેસર વચ્ચે મુખ્ય તફાવત કયો ? ઈશ્વર તો સર્વત્ર છે, પણ અમુક અમુક પ્રોફેસર પણ સર્વત્ર છે, પણ અત્યારે તેઓ અહીંયા છે.

શૈક્ષણિક વૈશ્વિકીકરણની માત્રમાં છેલ્લા દાયકામાં ઘણી વધી છે. એક દેશની મોટી યુનિવર્સિટી વિદેશી વિદ્વાનોને પોતાના ત્યાં ચોક્કસ સમય માટે આમંત્રણ આપે છે. કેટલાક વિદ્વાનો સંશોધનો માટે ખાસ રજા લઈને સ્વદેશ કરતા પણ વિદેશોમાં વધુ સમય ચાલવા લાગ્યા છે.

જેમ ચીજવસ્તુઓ અને વિવિધ સેવાઓનું વૈશ્વિક સુપર માર્કેટ ઉભું થયુ છે તેમ હવે એકડેમિક સુપર માર્કેટ ઉભુ થઈ રહયું છે. યુનિવર્સિટીઓ વિદેશી વિદ્યાર્થીઓને પોતાને ત્યાં દાખલ થવા માટે ખાસ પ્રયાસો કરે છે. વિકાસશીલ દેશોમાં તેઓ પોતાના એજન્ટો રાખે છે અને પોતાની યુનિવર્સિટી કયા કયા વિષયોમાં અગ્રેસર છે, તેનું રીતસર માર્કેટીંગ કરે છે. સામાન્ય રીતે વિદેશી વિદ્યાર્થીઓ પાસેય પૂરેપુરી ફી વસુલ કરવામાં આવે છે. લગભગ ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ વિદેશી યુનિવર્સિટીઓમાં શિક્ષણ લઈ રહ્યા છે એવો એક અંદાજ છે અને તે સંખ્યામાં ઉત્તરોત્તર વધાર થતો જાય છે.

હવે કેટલીક યુનિવર્સિટીઓ વિદેશોમાં પોતાના કેમ્પસ સ્થાપી રહી છે. ન્યૂયોર્ક યુનિવર્સિટીએ અબુ ધાબીમાં પોતાની એક શાખા ખોલી છે. બીજી છ જેટલી અમેરિકી યુનિવર્સિટીઓએ કતારમાં ઉચ્ચશિક્ષણનું રીતસર સુપરમાર્કેટ સ્થાપ્યું છે. હવે જાણીતી યુનિવર્સિટીઓ કોઈને કોઈ ચીની ઉચ્ચશિક્ષણ સંસ્થા સાથે જોડાણ કરી રહી છે. ભારતની ખ્યાતનામ બિઝનેસ સ્કૂલો વિદેશી બિઝનેસ સ્કૂલો સાથે જોડાણ આપી રહી છે. તેમ આપણી આઈ.આઈ.ટી. શરૂ કરવાની વાટાઘાટો ચાલી રહી છે.

જુદા જુદા દેશોમાં ચાલી રહેલી ટેલેન્ટને આકર્ષવાની સ્પર્ધા પૂરતું શૈક્ષણિક વૈશ્વિકીકરણ સીમિત નથી. અમેરિકાની શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓ સાથે સ્પર્ધા કરી શકે એવી વૈકલ્પિક યુનિવર્સિટીઓનું એક એલિટ ગ્રુપ ઉભું કરવાનો પ્રયાસો કેટલાક દેશો કરી રહ્યા છે. જેમાં ચીન અને ભારત મોખરે છે. ફ્રાન્સ અને જર્મની સરકારો પણ યુરોપિયન આઈવી લીગ સથાપાનું વિચારી રહી છે. આ બધાની પાછળ મુખ્ય વિચા એ રહેલો છે કે વિશ્વસીય યુનિવર્સિટીઓ જે તે દેશના આર્થિક વિકાસમાં ઘણો મોટો ફાળો આપે છે.

આ વધતા જતા શક્ષણિક વૈશ્વિકીકરણના કેટલાક મહત્વના સૂચિતાર્થો છે. એક તો ઉચ્ચશિક્ષણના ક્ષેત્રમાં વધતી જતી સ્પર્ધાને કારણે બહુ મોટા પ્રમામમાં મૂડીરોકાણ કરવું પડશે. આ મૂડીરોકાણમાં રાજ્યનો ફાળો ઓછો અને ખાનગી ક્ષેત્રનો ફાળો ઘણો મોટો હશે.

# પોશીના રેફરલ હોસ્પિટલ કંપાઉન્ડમાં કરવામાં આવેલ વૃક્ષારોપણ

પોશીના તાલુકા મથક ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના કંપાઉન્ડમાં પર્યાવરણનું જતન થાય અને લોકોમાં વૃક્ષોના ઉછેર અંગે જાગૃકતા લાવવાના હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં હોસ્પિટલના કંપાઉન્ડમાં અલગ અલગ જાતના રોપાઓનું વાવેતર કરેલ જેમાં જાંબુ, આંબલી, લીમડો, સરગવો સમેતના રોપાઓનું વૃક્ષારોપણ પોશીન મામલતદાર શ્રી ગોતીયા પોશીના આર.ડી. એફ.રેન્જના આર.એફ.ઓશ્રી ડાભી પોશીના નોર્મલ રેન્જના આર.એફ.ઓ.શ્રી નિનામા પોશીના રેફરલ હોસ્પિટલના મુખ્ય તબીબી શ્રી અને ડો. શ્રી મકવાણા અને પોશીના તાલુકા પત્રકાર સંગઠનના તમામ પત્રકાર મિત્રોની ઉપસ્થિતિ રહેલ. આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન પોશીના તાલુકા પત્રકાર સંગઠન દ્વારા કરવામાં આવેલ.

# ચિઠોડાના બજારમાં શૌચાલયમાં સફાઈ ન કરાતા ભારે હાલાકી

વિજયનગર તાલુકાના ચિઠોડાના બજારમાં શૌચાલયમાં સફાઈ ન કરાતા લોકોનો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચિઠોડા બજારમાં છ માસ અગાઉ ગ્રામ પંચાયત દ્વારા ઊભુ કરવામાં આવેલ શૌચાલય ગંદકીથી ખદબદીનો રોગચાળો ફેલાવે તેવી દહેશતના પગલે વેપારીઓએ ગંદકી દૂર કરવા માટે ગ્રામપંચાયતમાં અનેકવાર રજૂઆતો કરવા છતાં ગંદકી હટાવાતી નથી.

## આદિવાસી વિસ્તારમાં

# યોજનાઓના નામે મોટા મોટા પ્રોજેક્ટ મુકીને આદિવાસીઓનો વિકાસ કે વિનાશ !?

લોકશાહી અને આ દેશના અદિવાસી માટે સંવિધાનમાં ૫૧૬ શીડ્યુઅલનું પ્રાવધાન આપવામાં આવ્યું છે. જેથી આદિવાસીની સંપત્તિ બિન આદિવાસી લઈ ન શકે અને આદિવાસી સુરક્ષીત રહે અને સ્થાયી રહી શકે. ૬૫ વર્ષમાં આ દેશમાં જોઈએ તો આદિવાસીનો વિકાસ ખૂબ ખરાબ રીતે થયો છે. ૭૦ વર્ષમાં જે આદિવાસીઓ વિસ્થાપિત થયા છે મોટા મોટા ડેમથી માંડી ઉદ્યોગોથી લઈને કુલ મળીને અત્યાર સુધી ૬ કરોડ આદિવાસી વિસ્થાપિત થયા છે અને અત્યારે જે રીતે બેફામ જમીનની વહેચણી થઈ રહી છે એ કયા કાયદામાં લખ્યું છે? આદિવાસીઓ સાથે જે થયું એ સંવિધાનની વિરુદ્ધ થઈ રહ્યું છે. આજદિન સુધી આદિવાસીઓને સંવિધાનીક ન્યાય નથી મળ્યો. જે જગ્યાએ અમારુ અસ્તિત્વ રહેવું જોઈએ તે જગ્યાએથી અમને ભૂસી નાખવામાં આવી રહ્યા છે અને એ કોઈપણ સરકાર હોઈ શકે. મને તો એવું લાગી રહ્યું છે કે આ સરકાર જ આદિવાસીઓને આ દેશમાંથી કાયમ માટે મિટાવી દેવા માગે છે અને મ્યુઝીયમ બનાવીને આપણા આદિવાસીના હાડપીંજર રાખીને જે વિદેશી પ્રવાસી આવશે તેમને એમ કહેશે કે આ મૂળનિવાસીના હાડપીંજર છે. એમ કહીને ધંધો માંડશે. કદાચ આ સરકારનું આ જ સપનું છે. કારણ કે જ્યાં આદિવાસીઓની વસતી છે ત્યાં ખનીજ સંપત્તિ છે. અને એટલે જ આદિવાસીઓને વિસ્થાપિત કરીને નકસલવાદી કહીને આ સરકાર મારી નાખવા માગે છે. મિત્ર આદિવાસીની જે તાકાત હતી તેને ખતમ કરી નાખી છે. આ વિવિધ પાર્ટીવાળા, વિવિધ ધર્મવાળા લોકોએ જ આદિવાસીઓને ધર્મના અને પાર્ટીના નામે લડાવી રહ્યા છે. અને આપણને અલગ કરીને મૂકી દીધા છે. અને એકબીજાના શત્રુ બનાવી દીધા છે. મિત્રો આ એક બહુજ ગંદી રમત છે. આપણને એકજૂથ ન થવા દેવા જે આપણા નથી એમની જોડે રહીને આપણે કેમ એકબીજાથી વિમુખ થઈ રહ્યા છીએ !? જે આપણું છે ત્યાં જાઓ અને પોતાના સમાજના સુખ દુઃખમાં સહાયક બનો, આપણું એ જ છે એ જ આપણો વિકાસ છે. આપણે આદિવાસી હોવાનો, જે આપણા જીવનનું મૂલ્ય છે, તેને કાયમ રાખીશુ. કારણ કે એ મૂલ્યો જ પ્રકૃતિ અને જનસમુદાયને જીવન આપનાર મૂલ્યો છે.

આદિવાસી એ ભારત દેશનો મૂળનિવાસી છે. આદિ એટલે મૂળ અને વાસી એટલે નિવાસી. ક્યાંક તેને દેશજ તરીકે પણ કહે છે. યુનો અને ભારતની સુપ્રિમ કોર્ટે એબઓરીજીનીલ અને ઈન્ડીજીનીયસ મૂળનિવાસી આદિવાસી તરીકે જાહેર કરેલ છે. આદિવાસીની ઓળખ,અસ્તિત્વ, અધિકાર સંપૂર્ણ જળવાઈ રહે તે હેતુથી જ ૯મી ઓગસ્ટને આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## રાજ્ય ભાજપ વારંવાર ખેડૂતો મુદ્દે ભિંસમાં મૂકાય છે

# ભાજપ સંગઠન પાસે શું ખેડૂત નેતાનો અભાવ છે?

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં પાકવીમો અને અન્ય મુદ્દે સતત ખેડૂત નેતાઓ અને વિપક્ષ સરકારને સતત ઘેરી રહ્યા છે અનેક મોરચે સરકારને નીચું જોવાની સ્થિતિ આવી છે આવા સંજોગોમાં સરકારનો બચાવ કરવો કે સરકારનો પક્ષ રાખવા માટે ભાજપ પાસે જાણે નેતા જ ના હોય એવી સ્થિતિ સર્જાઈ રહી છે. કારણ પણ અજીબ છે, છેલ્લા ઘણા સમયથી સરકારમાં બેઠેલા અધિકારીઓ અને નેતાની અણઆવડત અને ખોટા નિર્ણયના કારણે સતત ખેડૂતને હાલાકી પડી રહી છે. આવા સંજોગોમાં સરકાર પર માછલા ધોવાઈ રહ્યા છે એ સ્વાભાવિક છે. પરંતુ સરકારનો બચાવ કરવા માટે કોઈપણ નેતા મેદાને આવતા નથી. જયારે કોઈ ગંભીર આક્ષેપ લાગે છે પુરાવા રજુ થાય છે તો પણ, સંગઠન પાસે તેનો જવાબ હોતો નથી કે સરકારે શું કામગીરી કરી તેનો જવાબ સંગઠનના એકપણ નેતા પાસે હોતો નથી. કિશાન મોરચો તો બનાવવામાં આવ્યો છે. તેમાં નેતાઓની નિમણુક પણ કરવામા આવી છે. તે પૈકીના કોઈ નેતા બોલવા માટે કે સરકારનો બચાવ કરવા માટે કે પછી સરકારે શું કામગીરી કરી તેના માટે એકપણ નેતા ભાજપ સંગઠન પાસે નથી. જે ખેડૂતો માટે સરકારે શું કર્યુ એ લોકોને કહી શકે. કિશાન મોરચો તો છે, પરંતુ ભાજપમાં અત્યારે આંતરિક લડાઈ ચાલી રહી છે. જેથી કેટલાક નેતાને કોરાણે મુકવામાં આવ્યા છે. તો અન્ય નેતાઓ પાક વીમો ખેડૂતને સબસીડી કે પાણી જેવા ગંભીર પ્રશ્ન પર બોલતા નથી તમામ નેતાને નેતાઓ અને મંત્રીઓની આગળ પાછળ ફરવમાં તો રસ છે પરંતુ સરકારની આબરુ બચાવવામાં રસ ના હોય એમ સંગઠનના એકપણ નેતા જવાબ આપતા નથી.

## કૃષિ પેદાશો આવનારી પેઢીને પાંગળી ન બનાવી દે..

# પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત અનાજ આરોગ્યપ્રદ : રાજ્યપાલ

ભારત દેશ કૃષિ અને ઋષિ સંસ્કૃતિનો દેશ છે. કૃષિ ઉત્પાદનએ રીતે ન વધવું જોઈે કે જે ઉત્પાદન આવનારી પેઢીને પાંગળી બનાવી દે. ખેતી કરો તો પ્રાકૃતિક ખેતી અને પશુપાલન કરો તો દેશીગીરની ગાયનું કરો. તેનાથી ખેતીની જમીનમાં પૌષ્ટિક તત્વોમાં વધારો થાય છે.

ગાયના ગોબર અને મુત્રથી ખેતરમાં ઉપયોગી કિટક મિત્રો આવે છે અને દુશ્મની કિટકોનો નાશ થાય છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત અનાજ આરોગ્યપ્રદ અને જીવનરક્ષક છે. તેમણે પ્રાચીન ગુરુકુળ આશ્રમના સંસ્કાર અને સંસ્કૃતિકનું જતન કરતી ગૌશાળાઓમાં ગાયોનું સંવર્ધન કરતાં સ્વામી રામકૃષ્ણદાસજી અને માધવગદાસજીની ગૌશાળામાં ગાયોનું પૂજન કર્યું હતું. રાજ્યપાલએ ઉપસ્થિત ખેડૂતો અને પશુપાલકોને સુભાષ પાલેકરની કૃષિ પદ્ધતિની સરળ ભાષામાં સમજૂતિ આપીને પ્રદૂષણ અટકાવવા અને ગ્લોબલ વોર્મિંગથી બચવા માટેના ઉપાયો સમજવ્યા હતા.

રાજપાલે કરેલા લોચિંગ ટુલ્સ વિકલ્પ સાઈથ નાના અને સિમાંત ખેડૂતો માટે પ્રદૂષણ રહિત ઉપકરણ મશિન છે. એક ખેડૂત એક દિવસમાં લગભગ એક એકર પાકની કાપણી કરી શકે છે. સમય અને શકિતનો બચાવ કરી શકે છે. આ પ્રસંગે ખેડૂતોને વિકલ્પ સાઈથનું વિતરણ કરાયું હતું.કાર્યક્રમના આરંભે વિકલ્પ સાઈથના એમડી વિવેક ચતુવેદીએ ટુલ્સની વિસ્તૃત સમજ આપીને નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલ જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી.જાદવ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધી અને આત્માના ખેડૂત સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# કુદરતી સંસાધનોને લૂંટનારાઓનો બચાવ કરી રહી છે : સુપ્રિમ કોર્ટ

કેન્દ્ર સરકારમાં જે - જે ગોટાળાઓ થયા છે તેને ખૂબ જ ચાલાકી સાથે કરવામાં આવ્યા છે. આ ગોટાળાઓમાં સુપ્રિમ કોર્ટના નિર્ણયથી એક વાત સ્પષ્ટ થઈ છે કે સરકાર ગમે તેટલા ગોટાળા કરે તોપણ અમે બ્રાહ્મણવાદીઓને બચાવીશું ? કેમ કે છેવટે કાયદા બનાવવાનો અધિકાર સરકારને છે અને સરકારમાં મનુવાદીઓ બેઠા છે. સુપ્રિમ કોર્ટે કહ્યું કે કુદરતી સંસાધનોને એક માત્ર હરાજીના આધારે જ વિતરણ કરવા માટે સરકારને લાચાર ન કરી શકાય. કુદરતી સંસાધનોનું વિતરણ સરકાર પોતાની આર્થિક નીતિના આધારે કરે છે. ધ્યાનમાં રાખવાની વતા એ છે કે સુપ્રિમ કોર્ટ કહે છે કે કુદરતી સંસાધનોનું આર્થિક નીતિઓના આધારે સરકાર દોહન કરી રહી છે. બીજી તરફ એવું પણ જણાવે છે કે આવા કેસમાં ઊભી થતી ધાંધલ પર કોર્ટ હસ્તક્ષેપ કરવા માટે સ્વતંત્ર છે. જો આમ જ હોય તો સુપ્રિમ કોર્ટ સરકારની આર્થિક નીતિઓ પર ચાલી રહેલી ધાંધલને સંપૂર્ણપણે જાહેર કરી શકશે? જો કે સુપ્રિમ કોર્ટની આ બાબત પર વિચારીએ તો સરકાર દ્વારા કુદરતી સંસાધનોના વિતરણની નીતિને તે વાંધાજનક ગણાવતી નથી. કેમ કે સુપ્રિમ કોર્ટ ખુદ કહે છે કે કુદરતી સંસાધનોનું વિતરણ માત્ર હરાજીથી કરવા માટે સરકારને વિવશ ન કરી શકાય. જેથી સરકારે જે નીતિ અપનાવી છે તેને સુપ્રિમ કોર્ટે મહોર લગાવી દીધી છે. અર્થાત્ સમર્થન કરી દીધું છે. ટુ-જી સ્પેક્ટ્રમના ૧૨૨ લાયસન્સ રદ્દ કરીને સુપ્રિમ કોર્ટે તેને હરાજીથી કરવા માટેનો નિર્દેશ આપ્યો હતો. એટલે સુપ્રિમ કોર્ટના આ વલણથી એમ કહી શકાય કે તે એસ.સી., એસ.ટી. એન ઓબીસીના રિઝર્વેશન ઈન પ્રમોશનને ગેરમાર્ગે દોરવા માટે જ બની છે. સુપ્રિમ કોર્ટે એક રીતે તો આવા નિર્ણયો કરીને કેન્દ્ર સરકારના કોલસા ગોટાળમાંથી મુક્ત કરી દીધી છે કેમ કે ન્યાયપાલિકામાં બેઠેલા બ્રાહ્મણવાદી સલાહકારો સાથે મળીને દેશને લૂંટવાનું ષડયંત્ર કરવામાં આવી રહ્યું છે. માટે સરકાર અને સુપ્રિમ કોર્ટના બ્રાહ્મણોમાં કોઈ ઝાઝુ અંતર નથી. સરકા જેવો ઈચ્છે તેવો જ નિર્ણય સુપ્રિમ કોર્ટ કરશે ! આમ હવે ન્યાયપાલિકાના માધ્યમથી બ્રાહ્મણોએ કોલસા ગોટાળો એક પૂર્વ આયોજિત ષડયંત્ર હતું તે સાબિત કરી દીધું છે. સુપ્રિમ કોર્ટ આવો નિર્ણય કરીને સરકારને બંધારણથી હટીને નીતિ બનાવવાનો અધિકાર આપી દીધો છે. જેવી રીતે ઓબીસી વખતે બ્રાહ્મણોએ ૫૦ ટકાથી ઉપર અનામતના આપવાનો ફેંસલો કરીને કર્યું હતું. ભારતની કુદરતી સંપત્તિને લૂંટવાની આઝાદી બ્રાહ્મણોને અગાઉથી મળી ચૂકેલી છે. સંચાર અને સૂચના પ્રૌદ્યોગિક મંત્રી કપિલ સિમ્બલે સુપ્રિમ કોર્ટના ફેંસલાથી સરકારના મનસુબાઓની પુષ્ટી કરી છે તેમનું કહેવું છે કે ન્યાયપાલિકાએ એ બાબત સ્વીકારી લીધી છે કે સરકાર પોતાને અનુકૂળ કાર્ય કરી શકે છે તેમાં અન્ય કોઈ પણ બંધારણીય સંસ્થા હસ્તક્ષેપ નથી કરી શકતી. એટલે કે સરકાર બંધારણીય બાબતોથી હટીને કુદતરી સંસાધનોને લૂંટી શકે છે. શું સંસદમાં કોલસા વિતરણ માટે હરાજીને બદલે અન્ય કોઈ કાયદો બનાવ્યો હતો ?

સલમાન ખુર્શીદે કહ્યું છે કે સુપ્રિમના આ નિર્ણયથી સરકાર આગળ વધવા માટે ઘણી મદદ મળશે. અમે જે કર્યું છે તે સાચું જ કર્યું છે એટલે કે કુદરતી સંસાધનોને પોતાના ઉદ્યોગપતિઓમાં વહેંચણી કરીને સરકારે કંઈ ખોટું કર્યું નથી. બંધારણીય ખંડપીઠ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કુદરતી સંસાધનોને માત્ર હરાજીના આધારે જ વિતરણ કરવા જોઈએ. પરંતુ દેશના બ્રાહ્મણવાદી જજો દ્વારા આ મામલાને બંધારણીય અંગ માગવા માટે પણ તૈયાર નથી. આમ ભારત ભયંકર દુર્દશા શરૂ થઈ ચૂકી છે. સરકાર અને ન્યાયપાલિકાના બ્રાહ્મણોએ દેશની સાથે ગદ્દારી કરીને બંધારણને દોષપૂર્ણ હોવાનું સાબિત કરવાનું કૃત્ય કર્યું છે.

## વડા પ્રધાને ટ્રાન્સપરન્ટ ટેક્સ સિસ્ટમ જાહેર કરી

# પ્રમાણિક કરદાતા માટેની ફેસલેસ ટેક્સ એસેસમેન્ટ સ્કીમ એટલે શું ?

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પારદર્શક કરવેરા પદ્ધતિની જાહેરાત કરી હતી જેમાં ફેસલેસ એસેસમેન્ટ શબ્દો વાપર્યા હતા. સામાન્ય માણસે આ શબ્દોનો અર્થ સમજી લેવાની જરૂર રહે છે. ફેસલેસ એસેસમેન્ટ, ફેસલેસ અપીલ અને ટેક્સપેયર્સ ચાર્ટર આ શબ્દો વડા પ્રધાને પોતાના વક્તવ્યમાં વાપર્યા હતા.

ફેસલેસ અપીલ અને ટેક્સપેયર્સ ચાર્ટર આ શબ્દો વડા પ્રધાને પોતાના વક્તવ્યમાં વાપર્યા હતા. ફેસલેસ એસેસમેન્ટ એટલે કરદાતા કોણ છે અને કરવેરા અધિકારી કોણ છે એવા મતભેદ નહીં રહે. અગાઉ ચોક્કસ શહેરના ટેક્સ અધિકારી સંબંધિત શહેરના ટેક્સ અધિકારી સંબંધિત શહેરના કરદાતાની તપાસ કરી શકતા હતા. હવે કોઈ પણ શહેરના ટેક્સ અધિકારી અન્ય કોઈ પણ શહેરના કરદાતાનું એસેસમેન્ટ કરી શકશે.



આમ થવાથી ટેક્સ અધિકારી સાથે ઘરોબો કેળવીને તેમના પર દબાણ આણવાની પરંપરા નાબૂદ થશે એમ કહેવાય છે. ખાસ કરીને જે લોકો ગેરરીતિ અપનાવીને ટેક્સ ભરતા નહોતા એ લોકો ઝડપાઈ જશે.

ફેસલેસ અપીલ એટલે એમ કે અપીલ કરનારો કરદાતા કોણ છે એની ટેક્સ અધિકારીને જાણ નહીં થાય. આ યોજના સપ્ટેંબરની ૨૫મીથી અમલમાં આવશે. આ અંગે હજુ વધુ માહિતી સરકાર તરફથી આવશે. આમ થવાથી પરિચિત અધિકારી પાસે અપીલ જવાનો કે ગેરરીતિ થવાનો અવસર નહીં રહે એવી સરકારની માન્યતા હોય એવું લાગે છે.

દુનિયાના કેટલાક દેશોમાં પ્રમાણિક કરદાતાને સન્માનની નજરે જોવામાં આવે છે. હવે એવા દેશોમાં ભારતનો સમાવેશ થવા જઈ રહ્યો છે. કરદાતાને એમની જવાબદારી અને એના અધિકારોમાં સંતુલન લાવવાના પ્રયાસ રૂપે આ યોજના શરૂ કરી રહ્યા હોવાની જાહેરાત વડા પ્રધાને કરી હતી. તેમણે કહ્યું કે કરવેરા ભરવા એ કરદાતાની અને કરવેરા લેવા એ સરકારની જવાબદારી છે. વહીવટ સુચારુ રૂપે ચાલે એ માટે કરવેરા પ્રમાણિકપણે ભરાય એ જરૂરી છે. કરદાતા કરવેરા ચૂકવે તેથી એની પોતાની સગવડો અને સુરક્ષા પણ વધે છે. દેશની આટલી બધી વસતિને નીભાવવાની ફરજ સરકાર બજાવી શકે એ માટે કરવેરા નિયમિત અને પ્રમાણિકપણે ભરાય એ જરૂરી છે. આ યોજનાથી કરદાતાનું ટેન્શન ખતમ થઈ જશે એવું વડા પ્રધાને કહ્યું હતું.

 ISSN-2454-9622 Dt. 18-08-2020, Tuesday

# Dominion Indian State નો પેસા એક્ટનો કાયદો અખિલ આદિવાસી Excluded Area માં લાગુ પડતો નથી

## ઈન્ડિયા નોન જ્યુડીશીયલ દેશ છે. ભારતનું બંધારણ કુદરતી છે.

કાયદો અને ન્યાય મંત્રાલય એ ભારત સરકારનું સૌથી જૂનું (પુરાણું) અંગ છે. કાયદો અને ન્યાય મંત્રાલયોની સ્થાપના સને ૧૮૩૩માં થઈ. જ્યારે બ્રિટીશ સંસદ દ્વારા ×ચાર્ટર અધિનિયમ ૧૮૩૩× બનાવવામાં આવ્યો. તેને કાયદાનું પીઠબળ ગવર્નર જનરલની કાઉન્સિલમાં મળ્યું. આ અધિકારીના નાતે અને ભારતીય કાઉન્સિલ અધિનિયમ ૧૮૬૧ ધારા (કલમ) ૨૨ ને આધિન એમાં નક્કી કરેલા અધિકાર પ્રમાણે ગવર્નર જનરલની કાઉન્સિલે સને ૧૮૩૪ થી ૧૯૨૦ સુધી દેશ માટે કાયદાઓ બનાવ્યા. ભારત સરકાર અધિનિયમ ૧૯૧૯ લાગુ થયા પછી ભારત સરકાર અધિનિયમ ૧૯૩૫ આવ્યો. ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૧૯૪૭ આદેશ (પસાર) પાસ થયાની સાથે જ ભારત એક ડોમિનિયન સ્ટેટ બન્યું. ડોમિનિયન વિધાનમંડળ દ્વારા ભારત (છેલ્લુ બંધારણ) આદેશ ૧૯૪૭છે. તેવું લખાયેલ ભારત સરકાર અધિનિયમ ૧૯૪૫ કલમ (સેકશન) ૧૦૦ના ઉપબંધોને આધિન ૧૯૪૭થી ૧૯૪૯ સુધી કાયદો બનાવ્યો. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦થી ભારતીય બંધારણ લાગુ થયું.

૧૯૪૭માં ભારત દેશના બે રાજ્ય બન્યા. (૧) પાકિસ્તાન રાજ્ય (૨) ભારતીય સંઘનું રાજ્ય એ બંને રાજ્યો ડોમિનિયન છે. ક્રાઉનના અન્ડરમાં છે. ક્રાઉનના સિલ મહોરનો ઉપયોગ કરી શકે નહી. પરંતુ બંને રાજ્યો અને ઓ.આઈ.જી.એસ.ના તમામ સેવકો અને નાગરિકોઆ ક્રાઉન, ચાર સિંહો સિંહાસન, કમળ, ભૂમિ (ચક્ર)ને આધિન રહેવાનું છે. તેનું માન, સન્માન જાળવવાનું અને આપવાનું છે. જો તેનો વિરોધ કરે કે વર્તન કરે તો તેના પર દેશદ્રોહની આઈપીસી કલમ ૧૨૪ (એ) લાગુ પડે છે.

હાલમાં આપણા ભારતમાં તમામ કાયદા કાનુન અંગ્રેજોના ચાલે છે. તેમાં ભારતીય વિધાનમંડળ ૧૯૪૭માં જ મંજુરી આપેલી છે જ ડોમિનિયન રાજ્ય તરીકે. હાલમાં તમામ કાયદાઓનો અભ્યાસ કરશો તો તેના આધારે તમામ વહીવટીતંત્ર ચાલી રહ્યું છે. જેમ કે એલ.આર.આર. જમીન મહેસુલ નિયમ- કાનુન ૧૮૭૯, ૧૯૨૧, ૧૯૭૨ જમીન અધિગ્રહણ ૧૮૮૪, ભારતીય રજીસ્ટ્રેશન કાનુન ૧૯૦૮થઈ તમામ રજીસ્ટર સંસ્થા, આધારકાર્ડ, એનજીઓ વગેરે નોંધાયેલ છે. આઈપીસી ઈન્ડિયન પીનલ કોડ ૧૮૬૦ તથા વહીવટી તંત્રનું માળખું ઉપરોકત કોડ અને અન્ય કાયદા-નિયમથી ચાલે છે. તેનો મુખ્ય આધાર ચાર્ટર એક્ટ ૧૮૩૩, ૧૮૬૧ કલમ -૨૨ ભારત સરકાર અધિનિયમ ૧૯૧૯ અને ૧૯૩૫ની કલમ ૧૦૦ પ્રમાણે જ સમગ્ર ભારત રાજ્યનું વહીવટીતંત્ર ચાલે છે. ગુજરાત જનરલ એક્ટ ૧૯૦૪ના આધારે ચાલે છે.

શિડ્યુલ્ડ ડીસ્ટ્રીક્ટ એક્ટ ૧૮૭૪. GOI 1919- 1935 Section 91, 92 પ્રમાણે અખિલ આદિવાસી Excluded Area & Partially Exclued Area (આદિવાસી સમુદાય માટે રિઝર્વ - અનામત) છે. આ વિસ્તારમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર (ઈન્ડિયન સ્ટેટ) ભારતીય સંઘ કે તેના ઘટક એવા ચૂંટણી પંચને ચૂંટણી કરાવવાનો કે કરવાનો કોઈ અધિકાર નથી જ. સંદર્ભ : LRR-1972 મુજબ (બાકાત વિસ્તારમાં પ્રવેશ કરવો, વેપાર કરવો, પ્રચાર કરવો, જમીન લે-વેચ કરવી, કરાવાના હુકમો , રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કોઈ કાયદો-કાનુન - કરાર લાગુ પડતા નથી. આદિવાસીનો પોતાનો કસ્મરી લો છે. O.I.G.S. પરિવાર દેશદ્રોહનું કાર્ય કરે છે.

ભારત સરકારની ચૂંટણી ક્યારેય થતી પણ નથી અને થશે પણ નહીં. જ્યુડીશીયલ સરકારની ચૂંટણી થાય છે. Excluded & Partially Exclued Area કરે છે. રાજ્ય કે કેન્દ્ર સરકારના O.I.G.S. તથા ચૂંટણીપંચ ભારત સરકાર અધિનિયમ ૧૯૩૫ની કલમ ૩૧૧ (૧) તથા ૯૧-૯૨ અને ૧૦૦ કલમનો અભ્યાસ કરવો.

લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૯૭૨ પેજ : ૩૯૬ લીઝ લીઝીઝ, એગ્રીમેન્ટ, સનદ તા. ૪-૨-૧૯૬૯માં નસ્ટ (૨૧) થયેલ છે. આદિવાસી પરિવાર અને બિન આદિવાસી નાગરિકોએ બોમ્બે ટ્રેઝરી રુલ્સ ૧૯૬૦ વોલ્યુમ I & II પેજ -૩૩૪, ૩૩૫ અને ૩૪૪નો રિપલ અને સ્પેલીંગનો અભ્યાસ કરતા બંને પરિવાર અલગ છે. જેમાં પેપર કરન્સી અને બેન્ક નોટ.ભારતમાં બ્રિટીશ રાષ્ટ્રીય કાનુન લાગુ પડે છે. ૧૯૪૮ ભારત એ કોમનવેલ્થનો સભ્ય હોવાથી ભારતનો બ્રિટિશ નેશનલ લો ૧૯૪૮ લાગુ પડે છે. આદિવાસીઓને હિન્દુ લો ૧૯૫૫ની કલમ -૨ (૨) ભારતીય બંધારણની કલમ -૩૬૬ ખંડ -૨૫ના અર્થ મુજબ A/C આદિમજાતિ આદિવાસીને લાગુ પડતો નથી. આઈપીસી (ભારતીય દંડ સંહિતા) ઈન્ડિયન પીનલ કોડ, પ્રકૃતિ સમાજ (આદિવાસી)ને લાગુ પડતો નથી.

બંધારણથી અજાણ, આંધળો- લૂલો- લંગડો આદિવાસી સમુહ આજે પોતાનો કુદરતી વ્યવહાર અને બંધારણ છોડી માનવ સર્જીત જ્યુડીશીયલ ધર્મો અને વિવિધ પાર્ટીઓમાં જોડાતો જાય છે. તેમ તેમ તેને વિવિધ પ્રકારના IPC, CRPC, CPC જેવા કાયદાઓ લગાડી રહ્યા છે. આંધળો આદિમજાતિ સમુહ જાગે તેમાં જ તેમનું ભલુ છે. કુદરતી બંધારણ, કુદરતી રૂઢિ અને પરંપરા પ્રમાણે રેવન્યુના આધારે ચાલે તો કોઈપણ કોડ લાગતો જ નથી.

ભારત સરકારની ચૂંટણી ક્યારેય થતી જ નથી અને થશે પણ નહીં. આમ આદિવાસી ક્ષેત્રમાં ચૂંટણી ગેરબંધારણીય છે.

# આદિવાસી ક્ષેત્રોમાં વર્તમાન પંચાયત વ્યવસ્થા બંધારણની દૃષ્ટિએ ગેર-કાનૂની

રાંચી,

વિધાનસભાની જીલ્લા પરિષદ અને પંચાયતી રાજ સમિતિનું માનવું છે કે રાજ્યના અનુસૂચિત (શિડ્યૂલ) વિસ્તારમાં વર્તમાન પંચાયતી રાજ વ્યવસ્થા અવૈધ છે. અનુસૂચિત (શિડ્યૂલ) ક્ષેત્રોમાં ત્રિ- સ્તરીય પંચાયત વ્યવસ્થાની જોગવાઈ નથી. પ્રી. પેસા ૧૯૯૬ના કાયદાના આધારે આ ક્ષેત્રોમાં બે સ્તરીય પંચાયત વ્યવસ્થાની જોગવાઈ છે. આદિવાસી ક્ષેત્રમાં (વિસ્તાર)માં જીલ્લા સ્તર પર સ્વશાસી જિલ્લા પરિષદ અને નીચલા સ્તર પર વિશેષ ગ્રામ સભાની સ્થાપના કરવાની જોગવાઈ છે. પરંતુ રાજ્યમાં શિડ્યૂલ એરીયા (આદિવાસી ક્ષેત્ર)માં પણ ત્રી-સ્તરીય વ્યવસ્થાની સ્થાપના કરવામાં આવી છે. સમિતિના અધ્યક્ષ દિપક બિરુઆને સ્પીકર (અધ્યક્ષ) દિનેશ ઉરાંવને આ બાબતનો સંબંધિત રિપોર્ટ સોંપેલ છે. વિધાનસભાની સમિતિને સોંપેલ રિપોર્ટ રિપોર્ટમાં શું ?

૧. ઝારખંડ પંચાયતી રાજ અધિનિયમ-૨૦૦૧ સંવિધાન સાથે સંમત નહિ. ૨. આદિવાસી ક્ષેત્રોમાં ત્રિ-સ્તરીય નહિ, બે સ્તરીય પંચાયતી વ્યવસ્થાની જોગવાઈ ૩. નહી થઈ શકે પંચાયતી રાજ વ્યવસ્થા અને નગરપાલિકાનું ગઠન ૪. અનુસૂચિત ક્ષેત્ર (આદિવાસી ક્ષેત્ર)માં ગ્રામ સભાની મંજૂરી વગર નહિ થઈ શકે જમીન અધિગ્રહણ ૫.પંચાયતી અધિનિયમના આધારે થઈ રહેલ જમીન અધિગ્રહણ ખોટી "શું આ બાબતે ગુજરાતના આદિવાસી ધારાસભ્યો અભણ છે ? કે આદિવાસી અને આદિવાસી ક્ષેત્રોને વેચવા બેઠા છે ? આદિવાસી MLA , M.P. પાંચમી / છઠ્ઠી અનુસૂચિથી વાકેફ થાય તે જરૂરી છે. ગુજરાતમાં આદિવાસી કાઉન્સીલ પાર્ટીની ગુલામ હોઈ જેથી આદિવાસી લોકો અને આદિવાસી ક્ષેત્રમાં મુળભૂત અધિકારીથી વંચિત થઈ રહ્યા છે. જેના માટે ગુજરાતના આદિવાસી ધારાસભ્યો અને સંસદ સભ્યો જવાબદાર છે. બંધારણ પ્રમાણે જ્યુડીશ્યલ રાજ્ય સરોકારને આદિવાસી ક્ષેત્રમાં દખલગીરી કરવાનો કોઈ અધિકાર નથી.

# ઝારખંડ સરકારના નાયબ કલેકટર પર રાજદ્રોહનો કેસ કરતા આદિવાસીઓ

**"આદિવાસી ક્ષેત્રોમાં ભારતના બંધારણની પાંચમી અનુસૂચિ અને સુપ્રિમ કોર્ટના 'સમતા જજમેન્ટ'નો ભંગ કરતા ઝારખંડ સરોકારના (નોકર) (નાયબ કલેકટર) પર રાજદ્રોહનો કેસ કરતા આદિવાસીઓ"**

ક્રાઈમ રિપોર્ટસ – જમશેદપુર

બાગભેડા થાના અંતગ ત ગિરી ઝાંપડીમાં જીલ્લા પંચાયત દ્વારા બનાવી રહેલ પાણીની ટાંકી બાબતે સ્થાનિક આદિવાસીઓમાં આક્રોશ ફેલાઈ રહયો છે.



બુધવારે ગ્રામ સભા પ્રધાન સુખરામ કિસ્કુના નેત ત્વમાં સેંકડો આદિવાસી મહિલા અને પુરુષ પરંપરાગત વેશભૂષામાં કોર્ટ પરિસરમાં ગયા. સુખરામ કિસ્કૂએ સીજીએમ જી.કે.તિવારી ની સામે ધાલભૂમ નાયબ કલેકટર SSDO) સુરજકુમારની સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૨૪–એ (રાજદ્રોહ) ની ફરિયાદ નોંધાવી. સુખરામના વકીલ ભીમ હેંબ્રમ બતાવ્યું કે ભારતના રાષ્ટ્રપતિ વ ન્યાય મંત્રાલયથી જારી અધિસુચનામાં પૂવી સિંહભૂમ જીલ્લાના ગોલમુરી અને જુગસલાઈ ક્ષેત્રને ૫ મી અનુસૂચિમાં સામેલ કરવામાં આવેલ છે. ત્યાં પેસા કાનૂન (કાયદો) ૧૯૯૬ લાગુ છે ત્યાં કોઈ પણ પ્રકારનું પ્લાનીંગ, પ્રોજેકટ અથવા કાય ક્રમ માટે રાજયપાલ દ્વારા જાહેર અધિસૂચના બહાર પાડયા પછી જેતે પારંપરીક ગ્રામ સભાના પ્રધાન (મુખીયા) ની મંજુરી લેવી પડે. પરંતુ નાયબ કલેકટરે SSDO) સુરેશકુમારે આવી કોઈ મંજુરી અથવા રાજયપાલની નહિં લાવ્યા. તે જબરજસ્તીથી પાણીની ટાંકી બનાવવા ઈચ્છતો હતો. માટે તેના પરા રાજદ્રોહનો કેસ કરવામાં આવ્યો. India non Judical દેશમાં ભારતના બંધારણની પાંચમી/છઠ્ઠી અનુસૂચિ નો ભંગ કરતા નાયબ કલેકટર ઉપર આદિવાસીઓએ રાજદ્રોહની ફરીયાદ કરી છે. તો શું આવું ગુજરાતના આદિવાસી ક્ષેત્રોમાં પણ થઈ શકે? ગુજરાતના આદિવાસીઓએ પાંચમી/ છઠ્ઠી અનુસૂચિઓ અભ્યાસ કરવો જોઈએ ?

આદિવાસી પરંપરાનો ભંગ કરતા એવા તમામ અધિકારીઓ પર દેશદ્રોહની કલમ લાગી શકે છે?

# આદિવાસી એક્સક્યુલેડેડ પાર્સિયેલ એરિયા વિસ્તારમાં આદિવાસીની રૂઢી અને પરંપરાનો વિરોધ કરનાર નાયબ કલેક્ટર પર કોર્ટે દેશદ્રોહનો કેસ કરવાનો હુકમ કર્યો

કોર્ટના આદેશ પર બાગબેડા થાણેમાં ડીડીસી સૂરજકુમારની વિરુદ્ધ રાજદ્રોહનો કેસ કરવામાં આવ્યો ધાલભૂમ અનુમંડલના નાયબ કલેકટર સૂરજકુમારને બાગબેડાના ગિદ્ધી ઝોપડી પ્રધાનને સાર્વજનીક તોર પર કહયુ કે હું કાનૂનને માનતો નથી અને હું મારી મરજીથી જ કામ કરીશ અને જરૂર પડશે તો પોલીસ ફોર્સનો પણ ઉપયોગ કરીશ. આ બાબતની ફરીયાદના લગભગ ૭ મહીના પછી તથ્યને દયાનમાં રાખીને કોર્ટે પોલીસને કેસ કરવાનો આદેશ આપ્યો. બાગબેડાના ગિદ્ધી ઝોપડોના ગ્રામપ્રધાન સુખરામ કિસ્કૂને ધાલભૂમ અનુમંડલના પૂર્વ નાયબકલેકટર પર રાજદ્રોહના આરોપમા કોર્ટમાં ૧૩ જુલાઈ ૨૦૧૬ના રોજ ફરીયાદ દાખલ કરી. એમાં સુખરામ કિસ્કૂને કહયું કે ગિદ્ધી ઝોપડીમા સરકાર તરફથી પાણીનો ટાંકો બનાવવાનો હતો પણ ગેઝેટ ઓફ ઈન્ડિયામાં પૂર્વી સિંહભૂમિ કે ગોલમુરી અને જુગસલાઈ ક્ષેત્રમાં પાંચમી અનુસૂચિ લાગુ પાડેલી છે, તેથી આ ક્ષેત્રમાં પ્રોજેકટ લગાવવાથી પૂર્વ રાજયપાલનું જાહેરનામુ લાગુ પડેલ છે. નાયબ કલેકટર સૂરજકુમાર ૬ જૂન ૨૦૧૬ના રોજ સવારે ૧૧ વાગે રાનીડીહમાં એક બેઠકમાં ગયા હતા અને નાયબ કલેકટરે બીજા લોકો સાથે ચર્ચા-વિચારણા કરી અને પાણીની ટાંકી બનાવવાનો ઠરાવ કરાવ્યો, ગામનો પટેલ(મુખિયો), પંચ કિસ્કૂએ આનો વિરોધ કર્યો અને ગેરવાજબી ઠરાવ્યો. આ બાબતે નાયબ કલેકટરે કહ્યું કે અમે કાયદાને નથી માનતા ગામનો પટેલ(મુખિયો), પંચ ૧૪ જૂન ૨૦૧૬ના રોજ રાજયપાલ, વમુખ્ય સચિવ, ઉપાયુક્ત, સંયુક્ત સચિવ(ગૃહ), ચિફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા અને ઝારખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ સમેત કઈયો પર પત્ર લખી કાર્યવાહી કરવા માંગ કરી અને કાર્યવાહી ન થવાથી સુખરામ કોર્ટમાં ગયો સી. જે. એમ. જી. કે. તિવારીની બેઠકના આદેશ પર બાગબેડા પુલીસને કલમ-૧૨૪-એ મુજબ કેસ કર્યો. રૂઢીગત પારંપારીક ગ્રામસભાના હુકમનો અનાદર કરનાર નાયબકલેકટર ઉપર દેશદ્રોહનો કેશ થયો એ જ રીતે પાંચમી અનુસૂચિ (આદિવાસી એકસકયુલેડેડ પાર્સિયલ એરિયા)માં આદિવાસી રૂઢી અને પરંપરાને બંધારણમા કાનુની દરજ્જો મળેલ છે. આવી સત્તાનો ઈન્કાર કરનાર કોઈ પણ અધિકારી, પદાધિકારી સામે રાજદ્રોહનો કેસ થઈ શકે છે." જનાદેશ નહી બંધારણ સર્વોપરી છે-સુપ્રિમકોર્ટ" પાંચમી અનુસૂચિત વિસ્તારમા ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, નગરપાલીકા, જીલ્લાપંચાયત કે કોઈ પણ પ્રકારનું ઈલેકશન સિલેકશન અસંવિધાનીક (ગેરકાનૂની) છે. શું ગુજરાતના આદિવાસીઓ રૂઢી અને પારંપરીક ગ્રામસભાના અધિકારને જાણે છે ખરા ? વધારે માહીતી માટે ૬ઠ્ઠી અનુસૂચિનો અભ્યાસ કરવો.

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઇન વેરીફીકેશન ઉપલબ્ધ

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

# બિરસામુંડા યુવા સંગઠન દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

૯મી ઓગષ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ. બિરસામુંડા યુવા સંગઠન વીરબાઈ ગેટ, પાલનપુર દ્વારા પાલનપુર ખાતે સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી મર્યાદિત સંખ્યામાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે કોઝી વિસ્તારમાં આવેલા હિન્દુ હૃદય સમ્રાટ એવા વીર મહારાણા પ્રતાપની પ્રતિમાને આદિવાસી (માજી રાણા) સમાજના યુવાનો દ્વારા અને રાજપૂત સમાજના યુવાનો એવા મહારાણા સ્ટેચ્યુ સ્થાપના સમિતિના જસવંતસિંહ વાઘેલાનાઓ તથા અન્ય યુવાનોની હાજરીમાં ફૂલમાળા અને પુષ્પ અર્પણ કરી મહારાણા કી જય, જય પૂંજા રાણા કી જય જય... ના જેવા જયઘોષથી દેશભક્તિનું વાતાવરણ ઊભું કર્યું હતું. હલદીઘાટીના યુદ્ધ સમયે મહારાણા પ્રતાપને પૂજા રાણા ભીલ નામના યોદ્ધા એ જંગલમાં મદદ કરી દેશભક્તિનું તેમને કર્તવ્ય નિભાવ્યું હતું. યુદ્ધ સમયે રાણાના પડખે ઊભા રહ્યા હતા તેથી વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે મહારાણા પ્રતાપનો સમસ્ત આદિવાસી યુવાનો દ્વારા દેશભરમાં પૂંજા રાણા ભીલની સાથે સાથે મહારાણા પ્રતાપને પણ યાદ કરી તેમને ફૂલહાર ચઢાવવામાં આવે છે. ત્યારબાદ એકલવ્ય ઉપવન ભીલ સમાજની વાડી, ડેરી રોડ, પાલનપુર મુકામે બિરસામુંડા યુવા સંગઠન દ્વારા કોરોના મહામારીના બ્લડની કટોકટી સર્જાતી હોઈ જરૂરિયાત મંદને મદદ થવાની ભાવના રૂપે ઉપરોક્ત સંગઠન દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટા પ્રમાણમાં આદિવાસી યુવાનોએ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી રક્તદાન કેમ્પમાં બ્લડ આપી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે બિરસામુંડા યુવા સંગઠનના પ્રમુખ તથા આદિવાસી સમાજનો આભાર માન્યો હતો.

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI